શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણિક મહાજન, અમદાવાદ
(રજી. ટ્રસ્ટ)

સ્નેહ-સેતુ

ત્રિમાસિક પત્રિકા

કહાન ફ્લેટની બાજુમાં, દોલતખાના, સારંગપુર, અમદાવાદ. ટે.: ૨૨૧૪૪૩૪૩

વર્ષ : ૧૦ - અંક : ૫૫ - ઓગસ્ટ-૨૦૨૩

WE WORK TOGETHER WE ARE A TEAM WE WILL SUCCEED

UNIQUE ROTOPACK PVT LTD

Plot No 6,
Swastik Industrial Estate,
Nr. Virat Industrial Estate,
Indore Highway,
Tal. Daskroi Gram, Chandial,
AHMEDABAD Gujarat 382430

MANUFACTURER:

Flexible Laminated Pouch
Mono Cartons
Specialized Boxes
Corrugated Cartons
Labels • Stickers

Tarunkumar V. Dhrafani

Bhupeshkumar V. Dhrafani

Anil Kumar V. Dhrafani

93771 72545

INDUSTRIES SERVED

AGARBATTI	FOOD
FMCG	AGRICULTURE
PHARMACEUTICAL	AND MANY MORE

AHMEDABAD

Info@urplindia.com

www.urplindia.com

શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણિક મહાજન, અમદાવાદ
(રજી. ટ્રસ્ટ)

સ્નેહ-સેતુ

ત્રિમાસિક પત્રિકા

પ્રકાશન : ઓગસ્ટ-૨૦૨૩ • વર્ષ : ૧૦ • અંક : ૫૫

ટ્રસ્ટીશ્રીઓ

– અનિલભાઈ એસ. દોશી	મે.ટ્રસ્ટી	૯૯૦૪૪૭૨૪૪૭
– બકુલભાઈ એ. દોશી	પ્રમુખ	૯૯૨૫૨૦૩૯૨૪
– દીલીપભાઈ સી. શાહ	ઉપપ્રમુખ	૯૮૨૫૦૩૬૫૩૧
– કમલેશભાઈ આર. મુછાળા	માનદ્મંત્રી	૯૮૨૫૩૨૩૩૭૦
– ભૂપેન્દ્રભાઈ આર. પારેખ	કોષાધ્યક્ષ	૯૮૨૫૦૨૨૧૪૨
– મનીષભાઈ વી. મહેતા	સહમંત્રી	૯૩૭૫૦૫૨૫૧૧
– ભૂપેન્દ્રભાઈ એસ. ગાંધી	ટ્રસ્ટી	૯૯૧૩૫૩૫૩૪૪
– ચંપકભાઈ બી. મુછાળા	ટ્રસ્ટી	૯૪૦૯૦૫૪૬૭૮
– દીલીપભાઈ એન. ગાંધી	ટ્રસ્ટી	૯૪૨૬૦૮૬૯૬૯
– જીતેશ એચ. દામાણી	ટ્રસ્ટી	૯૩૭૬૦૧૮૩૪૭
– મનોજભાઈ આર. દિવાન	ટ્રસ્ટી	૯૩૭૭૧૭૨૪૯૧
– મયુરભાઈ એમ. શાહ	ટ્રસ્ટી	૯૨૨૭૨૪૩૧૪૩
– મિતેષભાઈ આઈ. શાહ	ટ્રસ્ટી	૯૯૨૫૦૦૨૯૦૯
– સુરેશભાઈ એ. શાહ	ટ્રસ્ટી	૯૯૦૪૨૨૨૭૧૧
– વિમલભાઈ આર. મુછાળા	ટ્રસ્ટી	૯૮૭૯૭૯૪૭૦૦

યુથવીંગ સભ્યો

– આશિષ જી. મહેતા
– જયમીન પી. રૂપાણી
– નિલેશ જે. કોઠારી
– સચીન પી. દોશી
– હેમીલ એમ. શાહ
– જીગર વાય. શાહ
– રાજીવ બી. દોશી

મહિલાવીંગ સભ્યો

– નિશા એમ. જીવાણી
– પાયલ બી. શાહ
– રેખા એમ. કોઠારી
– વર્ષા આર. દામાણી
– નિતા બી. અંબાણી
– પ્રિતિ વી. શાહ
– તૃપ્તિ વી. મુછાળા

નોંધ: સ્નેહ-સેતુમાં પ્રકાશિત થતા લેખો લેખકોના પોતાના વિચારો, મંતવ્યો અને સંકલન છે. તેમના આ વિચારો, મંતવ્યો કે સંકલિત માહિતી સાથે તંત્રી કે સંસ્થાના હોદ્દેદારો સહમત હોય તે જરૂરી નથી.
- માનદ્ મંત્રીશ્રી

અનુક્રમણિકા

૧. સંસ્થા દ્વારા કાયમી ધોરણે ચાલતી યોજનાઓ	૦૨
૨. પ્રથમ સોપાન	૦૩
૩. રોટલી	૦૪
૪. માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ	૦૫
૫. શ્રી માતંગી વેલફેર સોશીયલ ટ્રસ્ટ – કોષાધ્યક્ષ અહેવાલ	૦૬
૬. કોષાધ્યક્ષ અહેવાલ	૦૭
૭. શ્રી માતંગી વેલફેર સોશીયલ ટ્રસ્ટ – માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ	૦૮
૮. મેમ્બરના સરનામા તથા ટેલીફોન નંબર મેળવવા બાબત	૦૯
૯. નોટઆઉટ ૯૨ – નટુભાઈ પારેખ	૧૨
૧૦. સ્વર્ગ – પ્રવિણભાઈ સોલંકી	૧૩
૧૧. જિંદગી ઈશ્વરે બક્ષેલી યાત્રા છે... – જયેશ પરીખ (રાહી ફાઉન્ડેશન)	૧૫
૧૨. ધર્મ, પરંપરા અને પ્રભાવ – જયેશ પરીખ (રાહી ફાઉન્ડેશન)	૧૬
૧૩. મન્ડે માર્ક : રાજીવ મણીયાર	૧૭
૧૪. જીવનનું ઝારણ – ગીરીશચંદ્ર લક્ષ્મીચંદ ગાંધી 'જય ગીરી'	૧૯
૧૫. જીવનમાં સહેલું શું? – ગીરીશચંદ્ર લક્ષ્મીચંદ ગાંધી 'જય ગીરી'	૨૦
૧૬. યુવાનોમાં વધતા હાર્ટએટેકના કિસ્સા... – સુનીલ ચાંદોરીકર	૨૧
૧૭. વાયરલેસ ઈયરબર્ડ્સ ખરીદતી વખતે – સુનિલ ચાંદોરીકર	૨૨
૧૮. યંત્રવત્ જીવનનું ચક્કર રોબોટ – પ્રદીપભાઈ વડોદરીયા	૨૩
૧૯. હિસાબ શું રાખવો? – ભૂપેન્દ્રભાઈ શ્રોફ	૨૪
૨૦. સ્વીકારનું સામર્થ્ય – નિરંજનભાઈ દામાણી	૨૫
૨૧. મઝા કરો મઝા – મૌલન વૈષ્ણવ	૨૬
૨૨. નારી તું નારાયણી... – શ્રીમતી રશ્મીબેન શાહ	૨૭
૨૩. વાનગી વિભાગ – નીતાબેન ગાંધી	૨૮
૨૪. શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડવિયા પ્રગતિ મંડળ, નરોડા, અમદાવાદ	૩૦
૨૫. આપણે પણ આપણા થોડાક દુર્ગુણો... – સુષ્માબેન એ. રાઠોડ	૩૧
૨૬ ગણપતિ બાપ્પા મોર્યા – શ્રીમતી જયશ્રીબેન ઠાર	૩૩
૨૭ સ્કોલરશીપ માટેની અરજી (ધો. ૮ થી ૧૨ માટે)નું ફોર્મ	૩૫
૨૮ સંસ્થાના સભ્ય થવા માટેનું ફોર્મ	૩૬

લખાણ મોકલવા અંગે

સંસ્થાના સભ્યો પોતાના વિચારો અને મંતવ્યો માનદ્મંત્રીશ્રીને મોકલી શકે છે. ઉપરાંત બાળકો, યુવકો, યુવતીઓ કે અન્ય સભ્યોએ કોઈ ક્ષેત્રે કોઈ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય કે ઉચ્ચ માન–સન્માન મેળવેલ હોય તેઓ પણ પોતાની વિગત ફોટા સાથે 'સ્નેહ–સેતુ'માં પ્રકાશન અર્થે મોકલી શકે છે. અનુકૂળતા મુજબ તે પ્રકાશિત કરવામાં આવશે.
- માનદ્ મંત્રીશ્રી

સંસ્થા દ્વારા કાયમી ધોરણે ચાલતી યોજનાઓ

(૧) દવામાં ૨૫% વળતર સાથે ડોર ડિલીવરી :

"સ્વર્ણિમ સ્વાસ્થ્ય યોજના" અંતર્ગત સંસ્થાના કોઈ પણ સભ્ય દવાના બીલમાં ૨૫% વળતર સાથે ડોર ડિલીવરી યોજનાનો લાભ લઈ શકે છે. આ માટે સંસ્થાએ "Wswasthya Mediserve Pvt. Ltd." સાથે એમઓયુ કરેલ છે. તેઓને ૦૭૯-૪૮૪૮૪૮૪૮ ઉપર વ્હોટ્સઅપ દ્વારા પ્રિસ્ક્રીપ્શન મોકલવાથી જરૂરી દવા ૨૫% વળતર સાથે ડોર ડિલીવરી મેળવી શકશો. બીલનું પેમેન્ટ દવાની ડિલીવરી સમયે આપવાનું છે. આ અંગેની વિગતવાર માહિતી સ્નેહસેતુના સપ્ટે. ૨૦૨૦, અંક-૪૫માં પ્રકાશિત કરેલ છે. આમ છતાં વધુ માહિતી કે માર્ગદર્શનની જરૂરી હોય તો કોઈ પણ ટ્રસ્ટીનો સંપર્ક કરશો. વધુમાં વધુ પરિવારો આ યોજનાનો લાભ લે તેવી આશા છે.

(૨) દવાના બીલમાં ૫૦% રોકડ સહાય :

સંસ્થાના જરૂરિયાતમંદ પરિવારોને દવાના બીલમાં ૫૦% રોકડ સહાયની યોજના નિયમિત ચાલે છે. આ લાભ લેવા દવાના બીલો વ્હોટ્સઅપ દ્વારા શ્રી દિલીપભાઈ કલ્યાણી (૯૮૨૫૦ ૩૬૫૩૧) ને મોકલવા. તેઓ જરૂરી કાર્યવાહી કરીને દવાના નેટ બીલની ૫૦% રકમ તમારા બેંક ખાતામાં ટ્રાન્સફર કરી આપશે.

(૩) શૈક્ષણિક સહાય :

આર્થિક રીતે સક્ષમ ન હોય તેવા પરિવારના ધોરણ-૮ થી ૧૨ના વિદ્યાર્થીઓને મેરીટ આધારિત અપાતી નિયમિત સ્કોલરશીપ આપવાનું ચાલુ છે. જરૂરિયાતમંદ પરિવારના બાળકો આ બંને યોજનાઓનો મહત્તમ લાભ લઈ શકે છે. આ માટેના ફોર્મ કોઈ પણ ટ્રસ્ટી પાસેથી મેળવી શકશો અને ફોર્મ ભરીને તેઓને પરત આપી શકશો.

(૪) મુંબઈ સ્થિત બંને ટ્રસ્ટ તરફથી મળતી શૈક્ષણિક સ્કોલરશીપ :

જરૂરિયાતમંદ પરિવારના ધોરણ-૮ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આ સ્કોલરશીપ મેળવી શકે છે. આ માટેના ફોર્મ પણ સંસ્થાના કોઈ પણ ટ્રસ્ટી પાસેથી મળી શકશે. જે મેળવી જરૂરી માહિતી ભરી તેઓને પરત પહોંચાડી શકશો.

(૫) ઉચ્ચ અભ્યાસ માટે વગર વ્યાજની લોન :

સંસ્થાના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે રૂા. ૫૦,૦૦૦/- સુધીની વગર વ્યાજની લોનની યોજના ચાલુ છે હવેથી દર વર્ષ બે વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ ઉપલબ્ધ થશે. આ લાભ લેવા ઈચ્છતા હોય તેઓએ સંસ્થાનો સંપર્ક કરવો.

(૬) અવસાન સમયે ભોજન વ્યવસ્થા

પરિવારના કોઈ સ્વજનના અવસાન સમયે એક સમયની ભોજનની નિઃશુલ્ક સેવા. જેમાં જરૂરિયાત મુજબનું ભોજન ઘરે પહોંચતું કરવામાં આવે છે. આ માટે કોઈ પણ ટ્રસ્ટીનો સંપર્ક કરવાથી વ્યવસ્થા થઈ શકશે.

આજના દિવસે

૨૭ જુલાઈ, ૧૯૭૪ : આજના દિવસે ગુજરાતી લોકગાયક અને સાહિત્યકાર પિંગળશી બ્રહ્માનંદ ગઢવીનો જન્મ થયો હતો. એમનું 'પિંગળવાણી' પુસ્તક પ્રખ્યાત થયું છે. એમના બારમાસી છંદ દરેક ડાયરામાં ગવાતા હોય છે.

૨૯ જુલાઈ, ૧૯૪૦ : આજના દિવસે ગુજરાતી કવિ અને નિબંધકર્તા અનીલ જોશીનો જન્મ થયો હતો. એમને સાહિત્ય અકાદમી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. એમની લોકપ્રિય કૃતિઓ છે : કદાચ, બરફના પંખી અને પવનની વ્યાસપીઠે.

૩૧ જુલાઈ, ૧૯૨૭ : આજના દિવસે ગુજરાતના સ્થાપત્યવિદ્ અને ઈતિહાસકાર મધુસુદન ઢાંકીનો જન્મ થયો હતો. તેમણે ભારતીય મંદિર સ્થાપત્ય, જૈન સાહિત્ય અને કળા વિષય પર ઘણું લખ્યું છે.

પ્રથમ સોપાન

સ્નેહી સભ્યશ્રીઓ,

આજના અવસરે આપ સર્વે પરિવારજનોને અંતરથી અભિનંદન આપતા હર્ષ અને ગૌરવની લાગણી અનુભવું છું.

આ અંકનું વાંચન કરતા હશો ત્યારે આપણી સંસ્થા "શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણિક મહાજન, અમદાવાદ" પોતાના ગૌરવશાળી, યાદગાર અને ઉદાહરણરૂપ ૭૫મા વર્ષમાં પ્રવેશ કરી રહી છે એટલે કે...

૧૫ ઓગષ્ટ ૨૦૨૩ થી આપણી સંસ્થાનું "અમૃત મહોત્સવ" વર્ષ શરૂ થઈ રહ્યું છે.

સંસ્થાના અમૃત મહોત્સવ વર્ષમાં મંગલમય પ્રવેશ અવસરે સંસ્થાના તમામ સન્માનનીય વડીલોને, ભાઈઓ-બહેનોને, યુવાવર્ગને અને બાળગોપાળને હાર્દિક અભિનંદન પાઠવું છું. હાર્દિક શુભકામનાઓ પાઠવું છું.

આજથી ૭૫ વર્ષ પહેલા તે સમયના સમાજના શ્રેષ્ઠીઓએ અને વડીલોએ એક નાના એવા છોડનું રોપણ કર્યું. ત્યાર પછી વર્ષો વર્ષ જે તે સમયના પ્રમુખોએ, હોદ્દેદારોએ, કાર્યકર્તાઓએ અને સર્વે સભ્યોએ પોતાની દૂરંદેશી, કાર્યશક્તિ, સકારાત્મક વિચારો, આર્થિક સહકાર, નૈતિક સહકાર, સ્નેહ અને પ્રેમરૂપી ખાતર અને પાણીનું નિયમીત સિંચન કર્યું અને આ રીતે સર્વેના સહિયારા સાથ-સહકાર અને સમન્વયથી એક નાનો એવો છોડ આજે ૯૦૦ પરિવારના વટવૃક્ષમાં પરિવર્તિત થઈ આપણને ગૌરવ અપાવી રહ્યો છે.

આવી લાંબી સફર દરમિયાન પરિસ્થિતીને આધીન સંસ્થાને ક્યારેક વિપરીત પરિસ્થિતીનો સામનો પણ કરવો પડ્યો હશે. પરંતુ સંસ્થાના સર્વે સભ્યોએ એકસંપ રહી સંસ્થાની પ્રગતિની રફતારને સહેજ પણ ધીમી પડવા દીધી નથી અને સંસ્થા અવિરતપણે પ્રગતિને પંથે આગળ ધપી રહી છે, જે આનંદની વાત છે.

અમૃત મહોત્સવ સુધીની સંસ્થાની યાદગાર સફર દરમિયાન વર્ષોવર્ષ સમયને અનુરૂપ સંસ્થાના સભ્યોના ઉત્થાન અને લાભાર્થે વિવિધ અને નોંધનીય કાર્યો થતા આવ્યા છે. આર્થિક પ્રતિકૂળતાના સમયે પણ જે તે સમયના પ્રમુખશ્રીઓએ, હોદ્દેદારોએ અને કાર્યકર્તાઓએ સમાજ સેવાના કાર્યોને આગળ ધપાવવામાં કોઈ કચાશ રાખી નથી.

આપણી સંસ્થાએ સામાજિક ક્ષેત્રે જે ગૌરવપૂર્ણ સ્થાન પ્રસ્થાપિત કર્યું છે તેનો સમગ્ર યશ જે તે સમયના પદાધિકારીઓ, નામી-અનામી પરદા પાછળના કાર્યકર્તાઓ અને સંસ્થાના તમામ સભ્યશ્રીની સહકારની ભાવનાને આપવો રહ્યો. સંસ્થાને આ ગૌરવશાળી સ્થાન ઉપર પ્રસ્થાપિત કરવા માટે સંસ્થાના આ અનેકાનેક સભ્યોને ખૂબ ખૂબ અભિનંદન, ખૂબ ખૂબ અભિવાદન, ખૂબ ખૂબ શુભેચ્છાઓ...

આ અમૃત મહોત્સવ વર્ષને આપણે ઉદાહરણરૂપ, યાદગાર અને શાનદાર બનાવવું છે. જે આપણા સૌના સહિયારા પ્રયત્નોથી જ શક્ય બનશે. આવો આપણે સૌ સાથે મળીને અમૃત મહોત્સવની ઉજવણી કરીએ. આ માટે સમાજસેવાના કાર્યો માટે તમારા સૂચનો જાણીએ.**આવી ગૌરવશાળી સંસ્થાના સભ્ય હોવાનું ગૌરવ અનુભવીએ. હજુ વધારે સારી રીતે સંસ્થાની પ્રગતિ થાય તે માટે પ્રયત્નશીલ રહીએ અને સાથે-સાથે સાથ-સહકાર-સમન્વયનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડીએ - આવો આજ આપણે સૌ એવો નિશ્ચય કરીએ.**

શૈક્ષણિક સહાયનું ઉત્તમ ઉદાહરણ: સંસ્થા દ્વારા સ્કોલરશીપ અને વગર વ્યાજની લોન શૈક્ષણિક ક્ષેત્રે સહાયરૂપ થાય છે. ઉપરાંત વધારાની શૈક્ષણિક સહાય માટે પણ સંસ્થા પ્રયત્નશીલ રહે છે. આવી જ એક મોટી સહાય આ વર્ષે થઈ શકી છે. સંસ્થાના એક સભ્યનું અચાનક અવસાન થતા તેમના પત્ની બીજાના ઘરકામ કરીને ઘરની આર્થિક વ્યવસ્થા સંભાળવાનો પ્રયત્ન કરે છે. બે પુત્રો અભ્યાસ કરે છે. એક પુત્ર અભ્યાસમાં ખૂબ જ હોંશીયાર છે પણ આર્થિક પ્રતિકૂળતા હોઈ આગળ અભ્યાસ કરી શકે તેમ ન હતો. તેની વાર્ષિક શૈક્ષણિક જરૂરીયાત રૂા. ૮૫,૦૦૦/- હતી. તેમની સહાય અરજી અંગે સંસ્થાના એક સન્માનનીય દાતાશ્રીને રજૂઆત કરવામા આવી અને વિના વિલંબે **દાતાશ્રીએ રૂા. ૮૫,૦૦૦/-ની સગવડ કરી આપી.**

આમ એક તેજસ્વી વિદ્યાર્થીની કારકિર્દી આગળ ધપાવવામાં તેઓ નિમિત્ત બન્યા. સંસ્થા આ સન્માનનીય શુભેચ્છક દાતાશ્રીનો હાર્દિક આભાર માને છે.

સંસ્થાના કોઈપણ સભ્ય આવી રીતે સમાજને શૈક્ષણિક અને તબીબી ક્ષેત્રે સહાયરૂપ થઈ શકે છે.

– બકુલ દોશી (પ્રમુખશ્રી)

SPARK

જીવનમાં ખાડાને પહોંચાય, પણ આડાને ના પહોંચાય.

રોટલી

મિત્રએ પૂછ્યું : શું તમારી વહુ તમને ૩ જ રોટલી આપે છે', પછી વડીલે જે કહ્યું તે સાંભળી બધાની આંખો ભરાઈ ગઈ.

ઉંમરલાયક માણસોના એક ગ્રુપમાંથી એક મિત્રએ તેમની પત્નીના દુનિયા છોડીને ગયા પછી પાર્કમાં ચાલવા જવું અને પોતાના મિત્રો સાથે ગપસપ કરવી, નજીકના મંદિરમાં સવાર-સાંજ જવું વગેરે પ્રવૃત્તિઓને પોતાની દિનચર્યા બનાવી દીધી હતી.

જોકે, તેમણે ઘરમાં કોઈ પ્રકારની સમસ્યાનો સામનો કરવો પડ્યો ન હતો. બધા તેમની ખૂબ કાળજી રાખતા હતા. પણ ઘરમાં તેમનું મન લાગતું ન હતું. ઘણી વખત આ બધા મિત્રો ઘરેથી ટિફિન લાવતાં અને સાથે જમતા હતા. તેમાં આ મિત્ર હંમેશા ૩ રોટલી જ લાવતા હતા.

એક દિવસ તેમના એક મિત્રએ કુતૂહલવશ પૂછ્યું કે –

શું તમારી વહુ તમને ત્રણ જ રોટલી આપે છે ?

બીજા મિત્રએ પૂછ્યું કે – શું તમને ઓછી ભૂખ લાગે છે ?

પછી વડીલ બોલ્યા કે, હું ભગવાન પાસે હંમેશા ત્રણ રોટલી જ માંગું છું અને આજે હું તમને લોકોને રોટલી વિષે એક વાત કહું છું તે ધ્યાનથી સાંભળો.

મારા મત અનુસાર હકીકતમાં, રોટલી ચાર પ્રકારની હોય છે. પહેલી "સૌથી સ્વાદિષ્ટ" રોટલી જે "માતાના પ્રેમ" અને "વાત્સલ્ય"થી ભરેલી હોય છે. જેનાથી પેટ ભરાય છે, પણ મન હંમેશા તેને ખાવા માટે અતૃપ્ત રહે છે.

આ સાંભળી એક મિત્રએ કહ્યું – સોળ આના સાચી વાત કરી તમે. પણ લગ્ન પછી માના હાથની રોટલી ભાગ્યે જ મળે છે.

વડીલે આગળ કહ્યું – હા, બરાબર. અને બીજી રોટલી પત્નીની હોય છે, જેમાં "સ્વભાવ" અને "સમર્પણ"ની ભાવના હોય છે, જે "પેટ" અને "મન" બંનેને ભરે છે.

આ સાંભળી બીજા એક મિત્ર બોલ્યા – અરે આ વાત અમે ક્યારેય વિચારી જ નથી.

તો પછી ત્રીજી રોટલી કોની હોય છે ? અન્ય એક મિત્રએ પૂછ્યું.

વડીલે કહ્યું – ત્રીજી રોટલી વહુની હોય છે, જેમાં માત્ર "ફરજ"ની ભાવના હોય છે જે થોડો સ્વાદ પણ આપે છે અને પેટ પણ ભરે છે અને વૃદ્ધાશ્રમની તકલીફોમાંથી પણ બચાવે છે.

એ પછી થોડીવાર માટે મૌન છવાઈ ગયું. પણ આ ચોથી રોટલી કઈ હોય છે ? મૌન તોડતાં એક મિત્રએ પૂછ્યું.

પછી વડીલ બોલ્યા – ચોથી રોટલી નોકરાણીની હોય છે. જેનાથી ન તો વ્યક્તિનું "પેટ" સંતૃષ્ટ થાય છે કે ન તો "મન" સંતુષ્ટ થાય છે અને "સ્વાદ"ની કોઈ ગેરંટી નથી.

આ વખતે મૌનની સાથે સાથે દરેકની આંખો ભીની થઈ ગઈ હતી.

એટલે મિત્રો....

હંમેશા માતાની પૂજા કરો, પત્નીને તમારી શ્રેષ્ઠ મિત્ર બનાવીને જીવન જીવો, પુત્રવધૂને તમારી પુત્રી સમજો અને તેની નાની નાની ભૂલોને નજરઅંદાજ કરો, અને કોઈ વાત સમજાવવા જેવી હોય તો શાંતિથી અને પ્રેમથી સમજાવો. જો તે ખુશ હશે તો તમારું સારી રીતે ધ્યાન રાખશે.

પણ જો પરિસ્થિતિ તમને ચોથી રોટલી પર લઈ આવે, તો એ વાત માટે ભગવાનનો આભાર માનો કે તેમણે તમને જીવતા રાખ્યા છે અને હવે સ્વાદ પર ધ્યાન ન આપો, બસ જીવવા માટે થોડું ઓછું ખાઓ જેથી વૃદ્ધાવસ્થા આરામથી કાપી શકાય.

એ પછી બધા મિત્રો ચુપચાપ વિચારતા હતા કે...

આપણે ખરેખર કેટલા નસીબદાર છીએ.

- કમલેશ મુછાળા

શ્રી દીલીપભાઈ ચંદુલાલ કલ્યાણીના જય શ્રી કૃષ્ણ

માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ

સ્નેહી સ્વજન,

આપના બાળકોના નવા સત્રમાં ભણવાની તૈયારી ખૂબ જ સરસ ચાલતી હશે. આશા છે કે દર વર્ષની માફક આપના બાળકોના વાર્ષિક પરિણામ પણ ખૂબ જ સુંદર આવેલ હશે.

આ અંક આપના સુધી પહોંચશે ત્યાં સુધી તો પુરૂષોત્તમ મહિનો તેમજ શ્રાવણના તહેવારોની રમઝટ અને વિશેષ ઉજવણી દરેકના ઘરે ઘરે હશે જ. આપ સૌ આ શ્રાવણ તેમજ ત્યારબાદ શરૂ થતા દરેક તહેવારની ભરપૂર મજા સહપરિવાર માણો તેવી શુભેચ્છા.

આ સૌએ ગત પરિપત્ર મુજબ આપના બાળકો માટે સમાજ તરફથી મળતા ફુલ સાઈઝના ચોપડા મેળવી લીધા જ હશે. આપણે ચોપડા વિતરણ કાર્યક્રમ જે ગત બે માસ સુધી ચાલુ હતો તે ૧૫-૦૭-૨૦૨૩ ના રોજ પૂર્ણ કરેલ છે અને દરેક વિતરણ સ્થળ ઉપરથી મળેલ માહિતી અનુસાર મોટાભાગના પરિવારે આનો લાભ લીધેલ જ છે. આપે આપેલા માર્કશીટનો ઉપયોગ વાર્ષિક મેળાવડામાં ઈનામ વિતરણ વખતે કરીશું.

આ સાથે ખાસ જણાવવાનું કે આપણો સમાજ આ જન્માષ્ટમીથી સ્થાપનાના ૭૫ વર્ષમાં પ્રવેશશે. આપણા સૌ માટે આગામી વર્ષ "અમૃત મહોત્સવ" વર્ષ તરીકે રહેશે. આના માટે આપણી સંસ્થા વર્ષ દરમિયાન વિવિધ પ્રોગ્રામોનું આયોજન કરવાનું પણ વિચારી રહી છે. જેનો લાભ સૌ કોઈ મેમ્બર - પરિવારને મળે તેનું ખાસ ધ્યાન રાખીશું.

અંતમાં એક અગત્યનું કામ - આપ સૌને આપેલ - નવા એડ્રેસ અને ફોન નં. મુજબ સંસ્થાના દરેક કુરીયર અથવા પોસ્ટ મળી જતી જ હશે. ઘણા પરિવારે તેમના એડ્રેસ ચેન્જ સંસ્થામાં કરાવેલ નથી, જેને કારણે કુરિયર કે ટપાલ પરત આવે છે. તો આપ સૌને ખાસ વિનંતી કે આપ આપના એડ્રેસ તથા ફોન નં. વહેલી તકે અપડેટ કરાવી લેશો.

ખાસ નોંધઃ આ માટે સંસ્થાના ટ્રસ્ટીશ્રી વિમલભાઈ મુછાળા ખૂબ જ પ્રયત્નશીલ છે. સ્નેહસેતુના ગયા અંકમાં પણ તેઓએ આ અંગે સભ્યોને માહિતગાર કરેલ હતા. હજુ જે સભ્યોના સરનામા-ટેલીફોન નં. અપડેટ નથી થઈ શક્યા, તેની યાદી શ્રી વિમલભાઈ દ્વારા આ અંકમાં પ્રકાશિત કરેલ છે. તો તમારી જાણમાં હોય તે સભ્યોના સંપર્ક કરી યાદીમાં આપેલ સભ્યોના પ્રવર્તમાન સરનામા-ટેલીફોન નં.ની માહિતી શ્રી વિમલભાઈને ૯૮૭૯૭૯૪૭૦૦ ઉપર જણાવવા ખાસ વિનંતી છે.

સર્વે સભ્યશ્રીઓ,

સ્નેહસેતુના અંકમાં નીચેની પટ્ટીમાં શુભેચ્છા લાઈન પ્રકાશિત કરવાનું શરૂ કરેલ છે. આ રીતે દરેકને શુભેચ્છા પાઠવવા સાથે સાથે સંસ્થાની પ્રવૃત્તિમાં સાથ-સહકારની ભાવના માટે પણ પ્રોત્સાહન મળશે. આથી સર્વે સભ્યોને વિનંતી છે કે આપની ઈચ્છાનુસાર જયશ્રીકૃષ્ણ, જયશ્રી સ્વામીનારાયણ કે શુભેચ્છા સંદેશો લખાવશો.

એક અંકમાં છાપવા માટે રૂા. ૨૫૦/- અને વર્ષના ચાર અંકમાં છાપવા માટે રૂા. ૮૦૦/- નક્કી કરેલ છે.

શૈક્ષણિક સ્કોલરશીપ ફોર્મ

શૈક્ષણિક સ્કોલરશીપ માટેની અરજીનું ફોર્મ મેળવવા માટે ટ્રસ્ટીઓનો સંપર્ક કરવો પડતો હતો, જે થોડું મુશ્કેલ થતું હતું. તેનો સરળ ઉપાય કરેલ છે. શૈક્ષણિક સ્કોલરશીપનું ફોર્મ આ અંકમાં જ છાપેલ છે. જે જરૂરિયાતમંદ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીને સ્કોલરશીપની જરૂર હોય તેઓ આ અંકમાં છાપેલ ફોર્મ ભરી સંસ્થાના કોઈપણ ટ્રસ્ટીને પહોંચતું કરવું.

— કમલેશ મુછાળા

શ્રી માતંગી વેલફેર સોશીયલ ટ્રસ્ટ, અમદાવાદ - કોષાધ્યક્ષ અહેવાલ

- અજયભાઈ શાહ (કોષાધ્યક્ષ)

સર્વે સભ્યશ્રીઓ,

સંસ્થાને એપ્રીલ ૨૩થી જુલાઈ દરમિયાન મળેલ અનુદાનની યાદી અત્રે આપેલ છે. સંસ્થાના ઉમદા કાર્યને પ્રોત્સાહિત કરવા માટે દરેક સન્માનનીય દાતાઓનો સંસ્થાવતી હાર્દિક આભાર માનું છું.

રૂા.	૫૧,૦૦૦-૦૦	શ્રીમતી નયનાબેન મધુસુદનભાઈ દોશી (સ્વ. મધુસુદનભાઈ અમૃતલાલ દોશીના સ્મરણાર્થે)	કીચનકીટ માટે
રૂા.	૧૫,૦૦૦-૦૦	શ્રી તેજસભાઈ મુકુંદભાઈ શાહ	કીચનકીટ માટે
રૂા.	૧૫,૦૦૦-૦૦	શ્રી રાજુભાઈ (જીતેશ) હીરાલાલ દામાણી	કીચનકીટ માટે
રૂા.	૧૫,૦૦૦-૦૦	શ્રી મયુરભાઈ મનુભાઈ શાહ (બોધાણી)	કીચનકીટ માટે
રૂા.	૧૫,૦૦૦-૦૦	શ્રી અનીલભાઈ શાંતીલાલ દોશી	કીચનકીટ માટે
રૂા.	૧૦,૦૦૦-૦૦	શ્રી અજયભાઈ જયંતિલાલ શાહ	કીચનકીટ માટે
રૂા.	૧૦,૦૦૦-૦૦	શ્રી ભૂપેન્દ્રભાઈ રતીલાલ પારેખ	કીચનકીટ માટે
રૂા.	૧૫,૦૦૦-૦૦	શ્રી બકુલભાઈ અમૃતલાલ દોશી	કીચનકીટ માટે
રૂા.	૫,૦૦૦-૦૦	શ્રીમતી ગીતાબેન ઈશ્વરભાઈ દોશી (સ્વ. ઈશ્વરભાઈ ટી. દોશીની પૂણ્યતિથિ નિમિત્તે)	કીચનકીટ માટે
રૂા.	૨૫૦૧-૦૦	આરવ શૈલેષભાઈ દામાણી (સ્વ. વાસંતીબેન હરેન્દ્રભાઈ દામાણીના સ્મરણાર્થે)	કીચનકીટ માટે
રૂા.	૨૧૦૦-૦૦	શ્રી ગીરીશભાઈ અમીચંદભાઈ શાહ (પૌત્ર જન્મની ખુશાલીમાં)	કીચનકીટ માટે
રૂા.	૧૦૦૦-૦૦	શ્રી કૌશિકભાઈ કાંતિલાલ રાઠોડ	કીચનકીટ માટે
રૂા.	૧,૫૬,૬૦૧-૦૦	**કુલ અનુદાન**	

(નોંધ : શરતચૂકથી કોઈના અનુદાનની યાદી લખવાની રહી ગઈ હોય તો મને મો.નં. ૯૪૨૭૩ ૯૫૬૨૩ ઉપર જણાવવા વિનંતી.)

આભાર સહ..

સંસ્થા તમામ દાતાઓનો હાર્દિક આભાર માને છે. સમાજના માનનીય સદસ્યોને પણ ખાસ અપીલ છે કે સંસ્થાના 'કીચન-કીટ"ના સેવાકીય કાર્યમાં નાના-મોટા પ્રસંગોએ અનુકુળ અનુદાન આપી સહકાર આપશો. તમો પ્રસંગોપાત સંસ્થાના બેંક ખાતામાં ડાયરેક્ટ અનુદાન જમા કરાવી શકો છો.

<u>સંસ્થાના બેંક ખાતાની વિગત</u>

SHRI MATANGI WELFARE SOCIAL TRUST

BANK OF INDIA, Gurukul Branch

SB A/c No : 204810110008684

IFSC CODE : BKID0002048

કોષાધ્યક્ષ અહેવાલ

- શ્રી ભૂપેન્દ્ર પારેખ (કોષાધ્યક્ષ)

સ્નેહી સભ્યશ્રીઓ,

જયશ્રી કૃષ્ણ.

એપ્રિલ ૨૦૨૩ના અંકમાં પ્રકાશિત કરેલ અનુદાનની યાદી બાદ નીચે મુજબ અનુદાન સમાજના સભ્યશ્રીઓ તરફથી મળેલ છે. જેની યાદી અત્રે પ્રસ્તુત કરેલ છે.

સંસ્થાના કાયમી ફંડમાં મળેલ અનુદાન

રૂા.	૭૫૦૦-૦૦	સ્વ. દીપકભાઈ રજનીકાંતભાઈ કોઠારીના સ્મરણાર્થે (હ. સોનલબેન દીપકભાઈ કોઠારી)	તબીબી ફંડમાં
રૂા.	૭૫૦૦-૦૦	સ્વ. દીપકભાઈ રજનીકાંત કોઠારીના સ્મરણાર્થે (હ. સોનલબેન દીપકભાઈ કોઠારી)	શૈક્ષણિક ફંડમાં
રૂા.	૫૦૦૦/-	શ્રી વિનયભાઈ જે. શાહ તરફથી પુત્ર સિદ્ધાર્થના લગ્ન પ્રસંગે	
રૂા.	૨૧૦૦/-	શ્રી મનોજભાઈ આર. કોઠારી તા. ૩-૪-૨૩	
રૂા.	૨૧૦૦/-	શ્રી મનોજભાઈ આર. કોઠારી તા. ૩-૫-૨૩	
રૂા.	૨૧૦૦/-	શ્રી મનોજભાઈ આર. કોઠારી તા. ૩-૬-૨૩	
રૂા.	૨૧૦૦/-	શ્રી મનોજભાઈ આર. કોઠારી તા. ૩-૭-૨૩	
રૂા.	૧૧૦૦/-	શ્રી ગીરીશભાઈ એ. શાહ તરફથી પૌત્ર જન્મની ખુશીના	
રૂા.	૧૦૦૦/-	શ્રી દિલીપભાઈ સી. કલ્યાણી તરફથી એમની એનીવર્સરી નીમીત્તે.	

ઉપરોક્ત તમામ દાતાઓનો ટ્રસ્ટી મંડળવતી હું હ્રદયથી ખુબ ખુબ આભાર માનું છું.

આપનું અનુદાન નીચે જણાવેલ બેંક ખાતામાં જમા કરાવી શકો છો.
જમા કરાવેલ રકમ અંગેની જાણ મને કરવા વિનંતી. (મો. ૯૮૨૫૦૨૨૧૪૨)

સંસ્થાના બેંક ખાતાની વિગત

SHRI SAURASHTRA DASHA MODH MANDLIA VANIK MAHAJAN
BANK OF INDIA, Railwaypura Branch
SB A/c. No.: 201710100009502
IFSC Code: BKID0002017

લઘુકથા

આ સાથે અમારૂં નવું ઘર બાંધવાના નકશા મોકલાવું છું. ઉપર-નીચે સુંદર ઓરડાઓ અને મજાનું રસોડું. બધી નવી જાતની વ્યવસ્થા કરવી છે. તમને ગમશે...

જુઓ નીચેના સ્તર પર મહેમાનોનો રૂમ અને બાથરૂમ, સંપૂર્ણ સગવડ સાથે.

ચિત્રો જોયા પછી મમ્મી-પપ્પા જવાબ લખે છે...

હા બેટા, બહુ જ સુંદર છે. તમારી પ્રગતિ વધતી રહે. હા, નકશા સારા છે અને મહેમાનોનો ઓરડો પણ ગમ્યો... આ પહેલાના તમારા ત્રણ ઘરનાં ચિત્રો અને ફોટોગ્રાફ્સ જોઈને ખુશી થઈ હતી, તેમ આ પણ જોઈને અમને આનંદ થયો. અમારી શુભેચ્છા અને આશીર્વાદ છે.

તા.ક.: ઈ-મેઈલ મળે છે, પણ તમારે ઘેર આવવાની નિમંત્રણ પત્રિકા... ક્યાંક પહેલાની જેમ જ અટવાઈ ગઈ લાગે છે.

- સરયુ પરીખ

શ્રી માતંગી વેલફેર સોશીયલ ટ્રસ્ટ, અમદાવાદ – માનદ્‌મંત્રીશ્રીનો અહેવાલ

– શ્રી વિમલ મુછાળા
(માનદ્ મંત્રીશ્રી)

સભ્યશ્રીઓ,

જયશ્રી કૃષ્ણ સાથે શ્રી માતંગી વેલફેર સોશીયલ ગ્રુપના "સુરક્ષાછત્ર"ના તમામ સભ્યોને જણાવવાનું કે, વર્ષ ૨૦૨૨–૨૩ની કોલમનીની રકમ રૂા. ૪૦૦/– (વહીવટી ખર્ચ સાથે) અને ૨૦૨૩/૨૪ની કોલમનીની રકમ રૂા. ૫૦૦/– (વહીવટી ખર્ચ સાથે) આપવાના છે. જે સભ્યોએ રકમ આપવાની બાકી હોય તેઓએ તા. ૩૦/૮/૨૩ સુધીમાં ભરપાઈ કરી દેવા વિનંતી. કોલમનીની રકમ તમે જે ટ્રસ્ટીઓ દ્વારા સભ્ય બન્યા હો તેઓને આપી દેશો અથવા સંસ્થાના બેંક ખાતામાં ઓનલાઈન અથવા ચેક દ્વારા જમા કરાવી દેશો.

કોલમનીની રકમ જો ઓનલાઈન કે ચેક દ્વારા જમા કરાવો તો સભ્યનું નામ અને સભ્યપદ નંબર સાથે ટ્રાન્સફરની વિગત તથા કયા વર્ષની રકમ છે તેની માહિતી તમને જેમણે સભ્ય બનાવ્યા હોય તે ટ્રસ્ટીને જણાવવા ખાસ વિનંતી.

કોલમનીની બાકી રકમ તા. ૩૧/૮/૨૩ સુધીમાં જમા કરી દેવા ખાસ અપીલ છે.

કોલમની જમા કરાવવા માટે
સંસ્થાના બેંક ખાતાની વિગત

SHRI MATANGI WELFARE SOCIAL TRUST
BANK OF INDIA, Gurukul Branch
SB A/c No : 204810110008685
IFSC CODE : BKID0002048

આજના દિવસે

૨૧ જુલાઈ, ૧૯૧૧ : આજના દિવસે ગુજરાતી કવિ, સાહિત્યકાર, વિદ્વાન ઉમાશંકર જોશીનો જન્મ થયો હતો. એમને રણજીતરામ સુવર્ણચંદ્રક, નર્મદ સુવર્ણચંદ્રક તથા સાહિત્ય અકાદમી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

૨૨ જુલાઈ, ૧૯૨૩ : આજના દિવસે હિન્દી ફિલ્મોના સુપ્રસિદ્ધ ગાયક મુકેશ (મુકેશચંદ્ર માથુર)નો જન્મ થયો હતો. તેમણે ગાયેલું પહેલું હિન્દી ફિલ્મી ગીત હતું – દિલ જલતા હે તો જલને દે.... – રજનીગંધા ફિલ્મના ગીત કઈ બાર યું હી દેખા હૈ.. માટે એમને શ્રેષ્ઠ ગાયકનો રાષ્ટ્રીય પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

૨૪ જુલાઈ, ૧૯૪૫ : આજના દિવસે ભારતીય ઉદ્યોગપતિ, ઈન્વેસ્ટર, એન્જીનિયર અને દાનવીર અજીમ પ્રેમજીનો જન્મ થયો હતો. તેઓ વિપ્રો કંપનીના સ્થાપક ચેરમેન છે.

મેમ્બરના સરનામાં તથા ટેલીફોન નંબર મેળવવા બાબત

નીચે જણાવેલ લીસ્ટ મુજબના મેમ્બરના સમાજ પાસે સરનામાં અને ટેલીફોન નંબર નથી. સમાજના રેકોર્ડમાં સરનામાં જુના છે. સમાજની માહિતી દરેક મેમ્બરને મળે તે માટેનો પ્રયત્ન છે. મેમ્બરને નમ્ર વિનંતી કે આ લીસ્ટ મુજબ તમે કોઈ મેમ્બરને ઓળખતા હોય તો તેની માહિતી નીચે આપેલ નંબર ઉપર વોટ્સએપથી જણાવા નમ્ર વિનંતી. (વિમલ મુછાળા – ૯૮૭૯૭૯૪૭૦૦)

સભ્યપદ નં.	સભ્યનું નામ
૩	અમૃતલાલ નાગજીભાઈ શાહ (રાઠોડ)
૯	દ્વિજેન અનિલભાઈ શાહ
૧૭	અશોકકુમાર હિંમતલાલ હરિલાલ શાહ
૨૧	અશોકકુમાર વૃજલાલ રૂપાણી
૨૩	અશ્વિનભાઈ કેશવલાલ પોપટલાલ શાહ
૨૫	બાબુલાલ નારણદાસ શાહ
૩૭	બાબુલાલ શીવલાલ પટેલ (શાહ)
૩૯	બાલકૃષ્ણ શાંતિલાલ શાહ
૪૧	બાલચંદભાઈ ભીમજીભાઈ દોશી
૪૩	બિપીનચન્દ્ર બળવંતરાય શાહ
૪૮	બીપીનભાઈ કેશવલાલ અંબાણી
૪૯	હર્ષાબેન બિપીનભાઈ અંબાણી
૫૪	ભરતકુમાર બાબુલાલ શાહ
૫૮	ભરતભાઈ મોહનલાલ માણેકચંદ ગાંધી
૫૯	ભરતભાઈ મોહનલાલ દોશી
૬૨	ભરતકુમાર શાંતિલાલ મોહનલાલ શાહ
૬૬	ગં.સ્વ. ભાનુમતીબેન ગોરધનદાસ રાઠોડ
૬૭	ભીખાલાલ અમીચંદ જીવણભાઈ શાહ
૭૨	ભૂપેન્દ્રભાઈ રતિલાલ અંબાણી
૭૪	ભૂપેન્દ્રભાઈ વૃજલાલ શાહ
૭૮	ચન્દ્રકાન્તભાઈ ચીનુભાઈ મુલચંદ શાહ
૮૫	નયનભાઈ શાંતિલાલ કલ્યાણી
૮૬	ચન્દ્રપ્રકાશ શાંતિલાલ દામાણી
૧૦૧	ચીમનલાલ મોહનલાલ કલ્યાણી
૧૦૪	દિલીપભાઈ ચીમનલાલ શાહ
૧૦૫	ચુનીલાલ ભીમજીભાઈ દોશી
૧૦૬	હરેશભાઈ છબીલદાસ શાહ
૧૨૬	દિલીપકુમાર મનુભાઈ દોશી
૧૩૧	રાજેશભાઈ નારણદાસ કોઠારી
૧૩૪	ધીરજલાલ ભીખાલાલ રૂપાણી
૧૩૬	પ્રકાશ ધીરજલાલ ગંગાદાસ શાહ
૧૩૯	ધીરજલાલ કેશવલાલ કલ્યાણી
૧૪૨	સ્વ. ધીરજબેન તુલસીદાસ શાહ
	સ્વ. તુલસીદાસ નાનચંદ શાહ
૧૪૭	ગં.સ્વ. શારદાબેન ગટુરભાઈ દોશી
૧૫૨	ગં.સ્વ. ગોદાવરીબેન દેવચંદ કોઠારી
૧૫૩	ઘનશ્યામભાઈ માણેકલાલ પારેખ
૧૬૭	હસમુખભાઈ પાનાચંદ અંબાણી
૧૭૧	હર્ષદકુમાર છગનલાલ જીવાણી
૧૭૨	હર્ષદભાઈ મણીલાલ મોતીલાલ શાહ
૧૮૪	ઈન્દુમતીબેન રમણીકલાલ શાહ
૧૮૬	ગં.સ્વ. ઈન્દુબેન રતિલાલ કલ્યાણી
૧૯૫	નિતેષ જગદીશચન્દ્ર ફુલચંદ પારેખ
૨૦૬	જયકાન્તભાઈ બચુભાઈ શાહ (મુછાળા)
૨૦૮	જયસુખલાલ લાલચંદભાઈ ગઢીયા
૨૧૧	જયંતકુમાર હરજીવનદાસ શાહ
૨૧૩	જયંતીલાલ ગીરધરલાલ ગાંધી
૨૧૫	મંજુલાબેન જયંતિલાલ પારેખ
૨૧૮	જયંતિલાલ મોહનલાલ શાહ
૨૨૯	જીતેન્દ્રભાઈ હીરાલાલ હંસરાજ મોતી
૨૩૬	કનુભાઈ શાંતિલાલ મોહનલાલ શાહ
૨૪૩	ગં.સ્વ. સરોજબેન કાંતીલાલ જગજીવનદાસ
૨૪૪	કાન્તીલાલ કાળીદાસ ગાંગડીયા
૨૫૬	કિરીટભાઈ રતીલાલ શાહ
૨૫૭	કિરીટભાઈ શાંતિલાલ શાહ
૨૬૧	કિશોરભાઈ પદમશીભાઈ કલ્યાણી
૨૭૦	ગં.સ્વ. લીલાવતીબેન વ્રજલાલ કપુરચંદ ગાંગડિયા
૨૭૪	મધુસુદન બાપાલાલ શાહ
૨૮૦	મહેન્દ્રભાઈ ચંદુલાલ છગનલાલ શાહ
૨૮૮	મહેશભાઈ જગમોહન પારેખ

૨૯૦	મનહરકાંત નારણદાસ કોઠારી
૨૯૪	મંજુલાબેન મનસુખલાલ શાહ
૨૯૮	મનસુખલાલ વિઠ્ઠલદાસ દામાણી
૩૦૦	મનુભાઈ દુર્લભજી પારેખ
૩૦૨	મનુભાઈ મગનલાલ દોશી
૩૦૭	મુગટલાલ જેઠાલાલ શાહ
૩૧૫	અંકુરભાઈ અશોકકુમાર મહેતા
૩૧૭	નલીનકુમાર ત્રીકમદાસ શાહ
૩૧૯	નંદકિશોરભાઈ રતિલાલ શાહ
૩૨૧	નરેન્દ્રભાઈ ભગવાનદાસ કોઠારી
૩૨૯	રંજનબેન નટવરલાલ મણીલાલ શાહ
૩૩૦	ગં.સ્વ.સવિતાબેન નટવરલાલ શાહ
૩૩૧	તરલાબેન નવીનભાઈ ચુનીલાલ દોશી
૩૩૨	ભરતેશકુમાર જયંતિલાલ પારેખ
૩૩૩	નવિનચન્દ્ર જયંતિલાલ પારેખ
૩૩૫	નવીનચન્દ્ર હીંમતલાલ કલ્યાણી
૩૪૦	નાનાલાલ સુખલાલ દેવચંદશાહ
૩૪૪	નીતિનભાઈ વાડીલાલ જસરાજ શાહ
૩૪૯	નીતાબેન હસમુખલાલ શાહ
૩૫૩	પ્રભાકરભાઈ હરજીવનદાસ શાહ
૩૫૭	પ્રધ્યુમનભાઈ છબીલદાસ શાહ
૩૬૦	પ્રફુલચન્દ્ર છબીલદાસ શાહ
૩૬૨	ટ્વીન્કલ પ્રફુલકુમાર મોહનલાલ શાહ
૩૬૪	પ્રફુલભાઈ વાલજીભાઈ મોદી
૩૭૮	પ્રવિણભાઈ શાંતિલાલ શાહ
૩૭૯	પ્રાણલાલ (ભરતકુમાર) મોતીચંદ કલ્યાણી
૩૮૩	રજનીકાન્ત મોહનલાલ માણેકચંદ ગાંધી
૩૮૮	પ્રો.ડો. રમણલાલ કક્લભાઈ ધારૈયા
૩૯૩	રમણીકલાલ હીરાચંદ ગોરધનદાસ અંબાણી
૩૯૫	રમણીકલાલ ત્રિકમદાસ શાહ
૪૦૩	સવિતાબેન લક્ષ્મીચંદ દોશી
૪૦૪	રમેશચન્દ્ર મણીલાલ શાહ
	ધાર્મિક રમેશચન્દ્ર શાહ
૪૦૫	રમેશભાઈ મોહનલાલ ગાંધી
૪૦૭	રમેશભાઈ રતીલાલ માધવજી દિવાન
૪૧૫	જીગ્નેશ રસિકલાલ જગજીવનભાઈ દિવાન
૪૧૬	રસિકલાલ મણીલાલ કલ્યાણી
૪૧૭	રસિકલાલ મોહનલાલ લક્ષ્મીચંદ શાહ
૪૧૮	રસિકલાલ નાનાલાલ પોપટલાલ શાહ
૪૨૦	ગં.સ્વ. ભાનુમતીબેન રસીકલાલ ગાંધી
૪૨૧	ભાવેશ રસીકલાલ શાંતીલાલ શાહ
૪૨૨	રતિલાલ છગનલાલ મોતીચંદ જીવાણી
૪૨૬	રણજીતભાઈ મોહનલાલ કલ્યાણી
૪૩૨	રાજેન્દ્રકુમાર મગનલાલ શાહ
૪૫૧	સુરેશભાઈ ભગવાનજીભાઈ ધાકાણી
૪૫૫	દેવાંગભાઈ સુરેશચન્દ્ર ગાંગડીયા
૪૫૭	ભરતકુમાર જયંતકુમાર મેસ્વાણી
૪૫૮	સુર્યકાન્ત જેઠાલાલ શાહ
૪૬૩	ગં.સ્વ. હંસાબેન શશીકાન્ત પારેખ
૪૬૪	શશીકાન્તભાઈ પ્રભુદાસ દોશી
૪૭૦	શાંતિલાલ નારણદાસ દોલતચંદ શાહ
૪૭૭	શૈલેષભાઈ પ્રીતમલાલ ગઢીયા
૪૮૦	ઉત્તમભાઈ જશરાજ બેચરદાસ શાહ
૪૮૨	સ્વ. વસંતલાલ અમૃતલાલ દોશી
	જયેશભાઈ વસંતલાલ દોશી
૪૮૫	ભાનુમતીબેન વસંતભાઈ નાનાલાલ સોના
૪૯૦	હિતેશકુમાર વાડીલાલ નાનાલાલ શાહ
૪૯૪	વિજયચન્દ્ર બિહારીલાલ વાઘજી ગાંધી
૪૯૭	નિખિલભાઈ વિનયકાંત માંડલીયા
૫૦૦	વિનોદરાય કેશવલાલ ગાંધી
૫૦૬	વિનોદચન્દ્ર ત્રિભોવનદાસ દામાણી
૫૦૯	સુધાબેન વિરેન્દ્રભાઈ મોતીલાલ રાઠોડ
૫૧૩	જયંતિલાલ અમૃતલાલ શાહ
૫૧૭	નવનીતલાલ મણીલાલ શાહ
૫૧૮	પ્રવીણચન્દ્ર મણીલાલ શાહ
૫૧૯	જયંતકુમાર અમૃતલાલ શાહ
૫૨૦	વિનોદભાઈ ચંદુલાલ શાહ
૫૩૧	જગદીશચન્દ્ર શશીકાન્ત કલ્યાણી
૫૩૩	જયેશકુમાર મનસુખલાલ દોશી
૫૩૭	સંજયભાઈ વસંતભાઈ બેમરશી શાહ
૫૩૯	દીગેશભાઈ સુરેશચન્દ્ર શાહ
૫૪૨	બિપીનચન્દ્ર જીવણલાલ ચુનીલાલ શાહ

૫૪૭ હિતેશભાઈ પરસોત્તમદાસ શાહ
૫૫૧ ધનવંતરાય પ્રાણલાલ મહેતા
૫૫૨ જવાહરભાઈ મોહનલાલ શાહ
૫૫૬ અક્ષયકુમાર મધુકાંત મહેતા
૫૬૪ પ્રવિણચંદ્ર જયંતિલાલ પારેખ
૫૬૭ તનસુખભાઈ રમણીકલાલ મહેતા
૫૭૯ કિરણભાઈ કનૈયાલાલ શાહ
૫૮૧ રમેશચન્દ્ર જીવણલાલ શાહ
૫૯૦ રમણીકલાલ કાંતિલાલ અંબાણી
૫૯૩ અરવિંદભાઈ વૃજલાલ પાનાચંદ મહેતા
૫૯૪ પ્રવિણચંદ્ર રતિલાલ પોપટલાલ શાહ
૫૯૭ ધીરજલાલ સોમચંદભાઈ અંબાણી
૫૯૯ કિશોરભાઈ નાથાલાલ ગાંધી
૬૦૨ ઈજ્જતરાય શાંતિલાલ મહેતા
૬૦૮ ચીમનલાલ વર્ધમાન અંબાણી
૬૦૯ ધર્મેશભાઈ બટુકલાલ મહેતા
૬૧૮ ઈજ્જતલાલ જયંતિલાલ ગાંધી
૬૩૧ ગં.સ્વ. કાંતાબેન લીલાધર શાહ
૬૪૧ હરેશકુમાર જમનાદાસ શાહ
૬૬૭ પ્રદિપભાઈ ભીખાલાલ જીવાણી
૬૭૧ ચંદુલાલ મણીલાલ ગીરધરલાલ સોલંકી
૬૭૬ કિશોરકુમાર રમણીકલાલ શાહ
૬૭૭ મિહિરભાઈ જીતેન્દ્ર હીરાલાલ મહેતા
૬૮૦ ગં.સ્વ. સવિતાબેન જીવરાજભાઈ તલકચંદ શાહ
૬૮૩ ગટુલાલ અમીચંદ ઓધવજી રામભાણ
૬૯૭ નિર્મળાબને હરિવલ્લભદાસ પારેખ
૭૦૨ ભાવેશભાઈ ભોગીલાલ પટેલ
૭૧૬ કોકીલાબેન જીતેન્દ્રભાઈ એન. મહેતા
૭૪૨ કોઠારી હિતેનભાઈ મનસુખલાલ
૭૪૩ મહેતા કિનલ યોગેશભાઈ
૭૪૬ રાજેન્દ્રભાઈ કાંતિલાલ પારેખ
૭૫૪ હિતેનભાઈ શાંતિલાલ પારેખ
૭૫૮ ભાવેશભાઈ ભોગીલાલ પટેલ
૭૫૯ હરેશભાઈ મુકુંદભાઈ કલ્યાણી
૭૮૪ વિશાલ ભરતભાઈ બચુલાલ શાહ
૭૮૬ પરાગ રજનીકાન્ત ધીરજલાલ કોઠારી
૭૯૬ દામાણી અશ્વીનકુમાર ગુલાબદાસ પરસોત્તમભાઈ
૮૦૫ દિનેશભાઈ બી. પટેલ
૮૨૦ ભરતભાઈ શાંતિલાલ મહેતા
૮૨૪ જગદીશભાઈ આર. શાહ
૮૩૧ ભુપેન્દ્રભાઈ હીરાલાલ પટેલ
૮૩૪ મધુસુદનભાઈ અમૃતલાલ ભગવાનદાસ દોશી
૮૫૨ અલકાબેન અશ્વિનભાઈ કેશવલાલ શાહ

જાગૃત જીવન

અશક્ય લાગતી બાબતને આપણે મનમાં જ ઠરાવી દીધી હોવાનું સામાન્યતઃ જોવા મળે છે. તેને શક્ય બનાવવા માટેના પ્રયાસો આપણે કાં તો કર્યા જ નથી હોતા અથવા તો પહેલેથી જ તેવી બાબત અશક્ય જ છે તે માટે આપણે આપણા મનને મનાવી લીધું હોય છે! જરૂરિયાતની આ શક્ય બાબત માટે તેના ઉખેલના પ્રયાસ હરકોઈએ અચૂક કરવા જોઈએ. જે શોધે છે, તેને તે મળે છે. જેને દ્રઢ મનોબળ સાથે નક્કી કર્યું હોય છે, તે અશક્યને દૂર રાખવામાં સફળ થાય છે. તેની આ પરત્વેની જાગૃતિ તેને સફળ બનાવે છે.

તિરસ્કારની માનસિક્તાને પ્રેમનો સ્પર્શ આત્મીયતામાં પરિવર્તીત કરે છે. પારાવાર ઉર્જા ભરી દેતો ભૌતિકશાસ્ત્રનો એક સાદો સિદ્ધાંત છે. કોઈ એક ગતિશીલ ચીજ હોય, તેને ગતિમાં રાખવું સરળ છે! આનાથી થોડું અલગ–જો કોઈ વ્યક્તિ આરામમાં જ હોય, તો તેને આરાથી જ પડી રહેવું વધુ સુવિધાયમ લાગે છે!

આવું જ, આકર્ષણના સિદ્ધાંતનું પણ છે! ગમતાને ગમતાનું જ આકર્ષણ રહે છે!

જીવનમાં સફળતા એ એક પ્રવાસ છે. તે લક્ષબિંદુ નથી. લક્ષબિંદુ એટલે પ્રવાસની સમાપ્તિ! આપ જો કોઈ પ્રવૃત્તિ ઉત્સાહથી હાથ ધરતા હો, તો અન્યમાં પણ તે પ્રોત્સાહન આપનાર બની રહેશે. વ્યક્તિમાત્ર જે કાંઈ સારું કે નરશું કરે છે, તેનો ચેપ, તેની આસપાસની વ્યક્તિમાં, આસપાસના લોકો કે વાતાવરણમાં પ્રસરે છે.

પ્રેમ હરકોઈના અંતરમનને એક એવો ગુણ આપે છે, જેથી તે વ્યક્તિ આસપાસના વાતાવરણમાં, હરકોઈ વસ્તુઓમાં, હરકોઈ વ્યક્તિમાં માત્ર અને માત્ર સારપ જ જુએ છે.

- કૌશિક અમીન

નોટઆઉટ @ ૯૨ – નટુભાઈ પારેખ

ગુજરાત રાજ્ય લલિત કલા એકેડેમીના ગૌરવ પુરસ્કારથી સન્માનિત સિદ્ધહસ્ત છબીચિત્ર (પોર્ટ્રેટ) તથા દ્રશ્યચિત્ર (લેન્ડસ્કેપ) કલાકાર નટુભાઈ પરીખની વાત સાંભળીએ તેમની પાસેથી.

એમની સાથેની વાતચીતનો એક્સ-રેઃ ખેડા જિલ્લાના બાંધણી ગામે જન્મ. ત્રણ ભાઇ (જાણીતા કલાકાર જયંત પરીખ અને મનુ પરીખ)–એક બહેનનું કુટુંબ. દાદા રવિશંકર મહારાજના મિત્ર. પિતાને ગામમાં પરચુરણ દુકાન. ધો. ૭ સુધી ગામમાં ભણ્યા પછી અમદાવાદ સીએન વિદ્યાલયમાં ભણ્યા. જીવનમાં સીએન વિદ્યાલયના વાતાવરણ અને ફિલોસોફીનો પ્રભાવ સતત રહ્યો. ગુજરાતી ભાષામાં બીએ કર્યું. કલાકાર એન.એસ.બેન્દ્રે પાસે ભણવા વડોદરાથી આર્ટ ક્રિટીઝમમાં એમએ કર્યું. અનેક સેમીનાર–શો–એક્ઝીબીશન–શિબીરમાં કામ કર્યું. આનંદી અને ઉત્સાહી નટુભાઈ હસતા–હસતા કહે : ચિત્રોએ ઘડપણમાં પૈસાદાર કર્યો અને ગાંધીજીના ચિત્રોએ ઘર કરાવ્યું!! રાજભવનનાં ઘણાં પોર્ટ્રેટ તેમણે બનાવેલા છે. શામજીભવનનાં ઘણાં ચિત્રો પણ તેમણે જ બનાવેલા છે.

નિવૃત્તિની પ્રવૃત્તિઃ સવારે ઉઠી નિત્યક્રમ કર્યા પછી ચા–પાણી કરે. મન સવારે ફ્રેશ હોય એટલે સવાર–સવારમાં ચિત્રો કરવા બેસી જાય. ક્યારેક કોઇ શિષ્ય આવી ચડે તો પોતાના પ્રિય સ્થળ તારંગા પહોંચી જાય. એક ઠેકાણે બેસી જાતજાતના ચિત્રોનું સર્જન કરે. વોટર કલરના કલાકાર, પણ સાધનો બદલી ચિત્રો કર્યા કરે. ૯ વર્ષ થી ૯૦ વર્ષ સુધી ચિત્રો કર્યા છે. જમીને થોડો આરામ કરે. બપોરે ચા–પાણી કરી ચાલવા જાય. કલાકારો અને વિશાળ મિત્ર–વૃંદના સંપર્કમાં રહે. જરૂરતમંદ લોકોને મદદ કરે. રાત્રે જમીને ૧૦–૦૦ વાગ્યે ટીવી જોતાજોતા સૂઈ જાય. દીકરો ગ્રાફીક્સ–આર્ટનું કામ કરે છે. કુટુંબમાં એક દીકરો, બે દીકરી અને સાત પૌત્ર–પૌત્રીઓ છે. દીકરો–વહુ તેમનું ઘણું ધ્યાન રાખે છે.

શોખના વિષયોઃ ફોટોગ્રાફીનો શોખ. જૂની–પુરાણી વસ્તુઓ ભેગી કરવી ગમે. ગાર્ડનીંગનો શોખ. કુદરતને માણવાનું બહુ ગમે. નદીકિનારે, પર્વત પર રહેવાની મજા આવે. પીંછી અને કલમના કલાકાર. લખવાનું અને વાંચવાનું બહુ ગમે. ચાર પુસ્તકો લખ્યા છે. કુમાર અને નવચેતનમાં કળા–પરિચય અને કળા–વિવેચનના લેખો નિયમીત લખતા. ખાવા–પીવાનો શોખ. લાડુ–ભજીયા આજે પણ બહુ ભાવે છે.

ઉંમર સાથે કેવી રીતે કદમ મિલાવો છો? : તબિયત સારી છે. ઘરમાં છૂટથી હરે–ફરે છે. કાનની થોડી તકલીફ છે. ડૉક્ટરનો એક પૈસો પણ ખર્ચવો પડતો નથી. નેચરોપથીમાં માને છે. જે ઓછું ખાય તે વધારે જીવે – એવું માને. સવારે નાસ્તામાં એક ખાખરો અને બે ખજૂર લે. અંજીર, દ્રાક્ષ, પિસ્તા પણ ખાય. સાંજે એક–દોઢ ભાખરી અને દૂધ લે. જમવામાં ગળ્યું તો જોઇએ જ. કંઇ ન ભાવે તો સુખડી ખાઇ લે.

યાદગાર પ્રસંગઃ સીએન વિદ્યાલયે તેમનું જીવન ઘડતર કર્યું છે. સ્કૂલમાં પણ ચિત્રકાર તરીકે જ ઓળખાતા. ૧૯૪૯માં શાળામાં મહામંત્રી થયા. સંજોગોવશાત્ હોસ્ટેલમાં એડમીશનની તકલીફ ઉભી થઈ ત્યારે આચાર્ય સ્નેહ–રશ્મિને ઘેર મહીનો રહ્યા. વર્ષો પછી વડોદરામાં ઉમાશંકરભાઈના વ્યાખ્યાનમાં ઝીણાભાઇ (સ્નેહ–રશ્મિ)નો ભેટો થઇ ગયો. ઝીણાભાઈએ પાછા સીએન કલા–મહાવિદ્યાલયમાં બોલાવી લીધા. પહેલીવાર રસિકલાલ પરીખના ચિત્રવર્ગમાં પગ મુક્યો અને સામે આઠ ફૂટનું ચિત્ર (બુદ્ધનો ગૃહત્યાગ) જોઇ તેમની કંઠી પહેરી લીધી. તેમની પાસેથી ચાર વર્ષ ચિત્રકળા શીખ્યા.

કલાનો જીવ, કુદરતી વાતાવરણ બહુ ગમેઃ એક વાર ગોવા ગયા હતા. રિક્ષાવાળાને પાંચ રૂપિયા આપે. તે જ્યાં ઉતારે ત્યાં ચિત્રો કરે. તેમની તે ટુરનાં બધા જ ચિત્રો મુંબઇમાં વેચાઇ ગયા. પત્ની શારદાબહેનનું ૨૦૦૧ માં અવસાન થયું. તારંગા કાયમ પત્ની જોડે જાય. તેઓ ચિત્ર દોરે અને પત્ની લાકડી લઈ વાંદરાને ભગાડે. એક વાર મોડલ આવ્યા ન હતા તો પત્નીનું યાદગાર ચિત્ર બનાવી દીધું.

નવી ટેકનોલોજી કેટલી વાપરો છો?ઃ કલાના અને ફોટોગ્રાફીના વિષયને જરૂરી ટેકનોલોજીનો ઉપયોગ સરસ કરે છે, તથા સોશીયલ મીડિયામાં એક્ટીવ છે.

શું ફેર લાગે છે - ત્યારમાં અને અત્યારમાં?ઃ સામાન્ય લોકો ચિત્રોને સમજતા નથી. તેમને કલામાં રસ પણ નથી. સારા ચિત્રોની કોપી હોટલોમાં મૂકી હોય તેને જ લોકો સાચા ચિત્રો માને છે. પહેલા વસ્તુ–વિષય અને કલાકારનું મહત્ત્વ હતું. હવે વિષય વગરની કલા છે.

આજની પેઢી સાથે સંકળાયેલા છો? કલા–મહા–વિદ્યાલયમાં ૨૮ વર્ષ વિદ્યાર્થીપ્રિય ગુરૂ તરીકે યુવા કલાકારોમાં કલાના સંસ્કાર આપ્યા છે. તેમની પાસેથી ચિત્રકલા શીખવા ઘણાં યુવાન વિદ્યાર્થીઓ આવે છે. તેમના સેમીનાર–શો–એક્ઝીબિશન જોવા ઘણાં યુવાન કલાકારો આવે છે એટલે યુવાનો સાથે સારા સંપર્કમાં છે.

સંદેશોઃ ચિત્ર વેચાય કે નહીં, પણ કામ ચાલુ રાખો. કામ સારૂં હશે તો ક્યારેક તેની કિંમત થશે જ. માટે નિરાશ થશો નહીં. કલાનું કામ ચાલુ રાખો.

- સૌજન્યઃ ચિત્રલેખા

સ્વર્ગ

- પ્રવીણ સોલંકી

ઈશ્વરે એટલાં બધાં દુ:ખો-કષ્ટો આપ્યા કે માણસ ટેવાઈ ગયો. માણસ ઈશ્વરને પડકાર કરે છે કે અમને તોડવા હોય, મારવા હોય તો સુખ આપીને એક છેલ્લો દાવ અજમાવી લે. કદાચ કદી ન જોયેલા સુખને અણધાર્યા, અચાનક આવેલા જોઈને અમને આંચકો લાગે અને અમે ધબકારા ચૂકી જઈએ.

આ એક વ્યંગ, ધારદાર વક્રોક્તિ છે. માણસ જેનાથી ટેવાઈ જાય છે પછી એ સહજ બની જાય છે. કોઈપણ વસ્તુને અપનાવી લીધા પછી એ આપણા જીવનનો એક ભાગ બની જાય છે. એક પ્રચલિત રમૂજ છે કે એક માણસ પોતાની કુંડળી લઈ જ્યોતિષ પાસે જઈને બોલ્યો, મહારાજ છેલ્લા બે મહિનાથી દુ:ખી-દુ:ખી થઈ ગયો છું. એક પછી એક મુસીબત આવ્યા જ કરે છે. કોઈ ઉપાય બતાવો. જ્યોતિષે કુંડળી જોવાનો ડોળ કરીને કહ્યું, ગભરાવાની જરૂર નથી. આ પરિસ્થિતી છ મહિના સુધી ચાલશે. માણસે ઉત્સુકતાથી પૂછ્યું, પછી? જ્યોતિષે ઠંડે કલેજે કહ્યું, પછી તું ટેવાઈ જઈશ. મુસીબત પછી મુસીબત નહીં લાગે.

અનાદિકાળથી સાધુ-સંતો, ઉપદેશકો આપણને સમજાવતા આવ્યા છે કે સુખ-દુ:ખ મનનાં કારણો છે. એકને જે સુખી લાગતું હોય, જેમાં સુખ દેખાતું હોય એ બીજા માટે દુ:ખ પણ હોઈ શકે. સુખ-દુ:ખ, પાપ-પુણ્ય, સ્વર્ગ-નરક એ આપણે ધારેલાં ને માનેલાં તત્ત્વો છે. જે વસ્તુ આપણને અનુકૂળ ન હોય એ આપણને અણગમતી લાગે છે. આપણે જો એને અનુકૂળ બની જઈએ તો ગમવા માંડે છે.

નવા વર્ષે કેટલાક લોકો જુદા જુદા સંકલ્પ કરે છે, પોતાનામાં રહેલા કે પોતે માનેલા દુર્ગુણોને દૂર કરવાના. એક માણસ ગુરૂ પાસે હરખાતો હરખાતો આવીને બોલ્યો, ગુરૂજી, ગાંધીબાપુના ત્રણ વાંદરાઓમાંથી પ્રેરણા લઈ મેં આ વર્ષે એક સાથે ત્રણ સંકલ્પ લીધા છે: ખરાબ જોઈશ નહીં, ખરાબ બોલીશ નહીં અને ખરાબ સાંભળીશ નહીં. તેને એમ લાગ્યું કે ગુરૂજી પ્રસન્ન થઈને આશીર્વાદ આપશે, પણ ગુરૂજી મૌન રહ્યા. માણસે પૂછ્યું, બાપુ, કેમ કાંઈ બોલ્યા નહીં? મારી કોઈ ભૂલ થઈ? ગુરૂજીએ કહ્યું કે મહાભૂલ થઈ છે. તારે એક જ સંકલ્પ લેવાની જરૂર હતી. ખરાબ બનીશ નહીં. આ એક જ સંકલ્પમાં સો સંકલ્પ છે.

જે કોઈ અંદરથી ખરાબ છે તે ખરાબ ન બોલે તો શું ફરક પડે? અંદરથી ખરાબ હોય ને ખરાબ ન સાંભળે એનો ફાયદો શું? ભીતરથી ખરાબ હોય અને બહારથી સારા હોવાનો કે સારા થવાનો ઢોંગ કરે એનો મતલબ શું?

એટલે તો હું તને એમ નથી કહેતો કે તું સારા બનવાનો સંકલ્પ કર. સારા બનવા માટે તારે ખરાબ શું છે એ જાણવું પડશે અને એમાં જોખમ છે. ખરાબ ન બનવા માટે તારે સારું શું છે એ જાણવું પડશે.

પ્રશ્ન એ છે કે ખરાબ શું છે ને સારું શું છે એ કોણ નક્કી કરે? ધર્મગુરૂઓ, ધાર્મિક ગ્રંથો, તત્ત્વચિંતકો? એ બધા તો વર્ષોથી એક જ જવાબ આપતા આવ્યા છે કે અંતરાત્મા કહે એ કરો. આ જવાબ બહુ સહેલો અને છેતરામણો છે. અંતરાત્માને સદાકાળ બુદ્ધિ છેતરતી આવી છે. બુદ્ધિ અને મનની સાંઠગાંઠ હોવાથી તેમણે અંતરાત્મા પાસે હંમેશાં ધાર્યું કરાવ્યું છે.

તો ઈલાજ શું? બસ, મજા આ પ્રશ્નમાં જ છે. આપણી પાસે કોઈ ચોક્કસ ઉત્તર હોય તો સામે કોઈ પડકાર નથી રહેતો. સવાલના જવાબ માટે જે સંઘર્ષ થવો જોઈએ એ નથી થતો. સવાલના જવાબ માટે આંતરિક સૂઝને ઢંઢોળવી પડે છે. એક સંતે આવી આંતરિક સૂઝ ઢંઢોળીને જે જવાબ આપ્યો એ કથા હવે જોઈએ...

એક ગામ. ગામની ભોલારામ નામની વ્યક્તિ ભોળા ભગત તરીકે ખૂબ જ જાણીતી છે. નખશીખ સજ્જન, સાલસ, નિખાલસ, પ્રામાણિક ને અત્યંત ભોળા. ભોળા એટલે મૂરખ નહીં. સામાન્ય રીતે આપણે એને ભોળા કહીએ છીએ જેને સહેલાઈથી છેતરી શકાય, બેવકૂફ બનાવી શકાય. ભગત એવા ભોળા નહોતા, પણ ભલા હતા અને ભલા હતા એટલે જ ભોળા કહેવાતા, ભગત કહેવાતા. હવે જુઓ, એ ભગત તો કહેવાતા, પણ તેઓ ક્યારેય ભગવાનની ભક્તિ કરતા નહીં, મંદિરમાં જતા નહીં, ઈશ્વરમાં તો બિલકુલ માનતા નહીં.

એક દિવસ ગામમાં એક સંત આવ્યા. આખું ગામ તેમને સાંભળવા આવ્યું. સંતે કહ્યું, જે ઈશ્વરમાં માને છે તે સદા સર્વદા સુખ પામે છે. તેમની સદ્‌ગતિ થાય છે, તેમને સ્વર્ગ મળે છે. એક માણસે તરત ઉભા થઈને કહ્યું, મહાત્મા, અમારા ગામમાં એક ભોળા ભગત છે, જેની ખ્યાતિ તમે સાંભળી જ હશે. તેઓ બધી રીતે શુદ્ધ અને પવિત્ર છે, પણ ઈશ્વરમાં માનતા નથી તો તેઓ ક્યાં જશે? સંત વિચારમાં પડી ગયા. ભગત વિશે તેમણે પણ ઘણુંબધું સાંભળ્યું હતું. ભગત નરકમાં જશે એવો જવાબ આપો તો લોકોમાં ખોટો સંદેશો જાય. કોઈ સારા થવાનું વિચારે જ નહીં. સંતે સભા સંકેલતાં કહ્યું કે આ પ્રશ્નનો જવાબ હું આવતીકાલે આપીશ.

સંતની ઉંઘ વેરણ થઈ ગઈ. પ્રશ્નનો જવાબ મેળવા આખી રાત પડખાં ફેરવતા ફેરવતાં સપનામાં ગરક થઈ ગયા. સંત એક દિવ્ય રથમાં બેઠા છે. હાંકનારને પૂછ્યું, ભાઈ તું મને ક્યાં લઈ જાય છે? હાંકનારે કહ્યું, સ્વર્ગમાં. સંત રાજી રાજી થઈ ગયા. મનમાં વિચાર્યું કે જે ભગવાનમાં ન માનતા હોય એવા અસંખ્ય ભોળા ભગત જેવા દિવ્યાત્માઓ દિવંગત થયા છે. ખબર તો પડશે કે તેમનું સ્થાન સ્વર્ગમાં છે કે નહીં?

રથ સ્વર્ગ પાસે આવ્યો. હાંકનારે કહ્યું, લો સ્વર્ગ આવી ગયું. ઉતરો. સંત અવાચક થઈ ગયા. આવું સ્વર્ગ? ચારે તરફ વેરાન દેખાતું હતું. ભયંકર દુર્ગંધ આવતી હતી. તળાવમાં પાણી નહોતું. વૃક્ષો પર ફૂલો નહોતાં. વાતાવરણમાં ચેતના નહોતી. ભાઈ, આ ખરેખર સ્વર્ગ છે? સ્વર્ગ હોય તો પછી દિવ્યાત્માઓ ક્યાં છે? રથીએ કહ્યું, તેઓ બધા કોણ છે તેની મને ખબર નથી, પણ આ સ્વર્ગ છે એટલું હું જાણું છું.

સંતને થયું કે આ જ જો સ્વર્ગ હોય તો મારે નરક કેવું છે એ જોવું જ જોઈએ. રથીને તેમણે નરકમાં લઈ જવા વિનંતી કરી. રથમાં બેઠાં બેઠાં સંતે એક સાઈનબોર્ડ જોયું, નરકમાં જવાનો રસ્તો.

રથ નરક પાસે આવીને ઉભો રહ્યો. સંત નીચે ઉતર્યા. ચારે તરફ આહ્લાદક વાતાવરણ હતું. ગીત-સંગીત ગૂંજતા હતા. હવામાં એક અજબ પ્રકારની મહેક હતી. લોકોના ચહેરા પર પ્રસન્નતા હતી. એક માણસને ઉભો રાખી સંતે પૂછ્યું, ખરેખર આ નરક છે? જવાબ મળ્યો કે પહેલાં નરક જ હતું. હજી તકતી પણ નરકની જ છે, પણ જ્યારથી સારા, પવિત્ર દિવ્યાત્માઓ અહીં આવ્યા છે, ત્યારથી અહીં સ્વર્ગ બની ગયું છે.

છેલ્લે... સંતને જે સાર સપનામાં સમજાયો એ બીજા દિવસે લોકોને સંભળાવ્યો.

જગત બદલાયું છે, જગતના નિયમો બદલાયા છે તો બ્રહ્માંડના પણ નિયમો બદલાયા છે. પહેલા નિયમ હતો કે સારા માણસો સ્વર્ગ પામે. હવે નિયમ થયો છે કે જ્યાં સારા માણસો જાય, ત્યાં સ્વર્ગ રચાય. પહેલાં એવું હતું કે ખરાબ માણસને નરક મળે. હવે એવું છે કે જ્યાં ખરાબ માણસો હોય ત્યાં નરક રચાય.

સંતે હવે લોકોને જ પૂછ્યું, બોલો ભક્તો, ભોળા ભગતને હવે ક્યાંય મોકલવાની જરૂર છે? તેઓ જ્યાં જશે ત્યાં સ્વર્ગ છે. જ્યાં જશે ત્યાં સ્વર્ગ રચાશે.

સમાપન : મને ડર અંધારાનો નથી, અંધારામાં રાખનારાઓનો છે.
મને ભય દુર્જનોનો નથી, સજ્જનોનો છે. જેવા હોય છે તેવા દેખાતા નથી.

માત્ર શાંત રહેતા શીખો, ઘણા લોકોએ પણ સહન નહીં કરી શકે...

જિંદગી હસાવે ત્યારે સમજવું કે સારા કર્મોનું ફળ મળ્યું છે.
પણ, જિંદગી રડાવે ત્યારે સમજવું કે સારા કર્મો કરવાનો સમય આવી ગયો છે...

જીવનમાં સૌથી સુંદર વસ્તુ પૈસા કે દોલત નથી...
જીવનની સૌથી સુંદર વસ્તુ - સારા માણસો, યાદો, ક્ષણો, ખુશી અને પરિવાર છે...

જેવી રીતે એક વાછરડું હજારો ગાયોના ટોળામાં પણ પોતાના માતાની પાછળ ચાલે છે,
એ જ રીતે માણસના સારા અને ખરાબ કર્મો તેની પાછળ ચાલે છે...

શ્રીમતી કુંદનબેન બકુલભાઈ દોશીના જય શ્રી કૃષ્ણ

જિંદગી ઈશ્વરે બક્ષેલી યાત્રા છે, સુખ-દુ:ખથી ભરેલી જાત્રા છે

શ્રી જયેશ પરીખ (ઉપપ્રમુખ, સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર - બૃહદ)

પ્રિય પરિવારજનો,

'જિંદગી તું જેમ ઓછી થતી જાય છે,
તેમ તેમ તું મને વધારે ગમતી જાય છે.'

ભવસાગરના ફેરમાં ઈશ્વરે માણસને પ્રદાન કરેલી જિંદગી યાત્રા સમાન છે. આ જીવનયાત્રામાં સુખ અને દુ:ખ આવાગમન થયા કરે છે. સુખની પરિસ્થિતિમાં સૂરજ આશા, ઉમંગ અને ઉત્સાહ લઈને ઊગે છે તેવી આપણને અનુભૂતિ થાય છે. જ્યારે દુ:ખમાં બોજો, ચિંતા અને જવાબદારીનો સતત અહેસાસ થયા કરેછે. આપણે એ સમજતા નથી કે આ જીવન યાત્રા – પ્રવાસ – મુસાફરી છે. કેવળ જન્મથી શરૂ કરીને મોક્ષ સુધી યાત્રિક – રાહી – મુસાફર તરીકે પહોંચવાનું શુભ કાર્ય ઈશ્વરે સૌને સોંપ્યું છે. છતાં મુહર્ત વગર જન્મ તો માણસ અને વગર મુહર્ત મરતો માણસ આખી જીવનયાત્રામાં મુહર્ત પાછળ દોડતો હોય છે, આ પણ એક જીવન સફરની વાસ્તવિકતા છે.

જીવનની દોડમાં એવો ભરાયેલો, ગૂંચવાયેલો અને અકળાયેલો માણસ પોતાના ખિસ્સામાંથી ૫૦ રૂા. ની નોટ પડી જાય તો રઘવાયો બની જાય છે. સાથોસાથ પોતાના જીવનમાંથી કિંમતી ૫૦ વર્ષ નીકળી જાય છે અને સફાળો જાગે છે અને વિચારે છે" બહોત ગઈ અને થોડી રહી" હજુ તો ઘણું કરવાનું, જાણવાનું અને માણવાનું બાકી રહી ગયું છે. ચારે બાજુથી એકઠું કરવામાં પડેલો માણસ સદૈવ ચિંતિત અને તણાવગ્રસ્ત રહે છે. ખુશી, આનંદ અને પ્રસન્નતા ગુમાવે છે. તે જાણતો હોય છે કે એકઠું કરેલું કશું જ સાથે લઈ જઈ શકાશે નહિં. જેટલું પોતાના માટે, પરિવાર માટે કે સમાજ માટે વાપરીશ એ જ સાથે આવશે. સરસ પંક્તિ માણીએ....

"ભગવાન આપણે ઘેર પધારે એ સૌને ગમે,
ભગવાન એમને ઘેર બોલાવે તે કોઈને ન ગમે"

મિત્રો, પથ્થર બનવાની તાકાત કેળવવી જરૂરી છે. જીવનમાં કેટલાય હથોડાના ઘા પડે અને પીડા પણ થાય, પરંતુ આખરે એ પથ્થર પ્રતિમા બને છે અને સૌ કોઈ એને વંદન કરે છે. એ પથ્થર કદાચ પગથિયું બને છે અને લાખો લોકોને મંઝિલ સુધી પહોંચાડવાનું નેક કાર્ય કરે છે.

પ્રિયજન, મનુષ્ય બે પ્રકારના હોય છે.

(૧) એ જ્યાં જાય ત્યાં આનંદ

(૨) એ જ્યાંથી જાય ત્યાં આનંદ

આપણે હવે એ નક્કી કરવાનું છે કે આપણે કંઈ કક્ષામાં રહેવું છે. સર્વપ્રિયતા અને સર્વાનંદ માટે વાણી, વિનય, વિવેક, વર્તન અને વ્યવહાર મધુર હોવા જોઈએ. હું જ હોંશિયાર છું એ કદાચ મારો વહેમ હોઈ શકે, પરંતુ મને કંઈ ખબર પડતી નથી એ સામેવાળાનો વહેમ હોઈ શકે એટલો આત્મવિશ્વાસ, આત્મબળ અને આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાનું, કેળવવાનું અને મેળવવાનું લક્ષ્ય દરેક માણસનું હોવું જોઈએ.

મિત્રો, જિંદગીને સ્મિતભર્યા વદને અને હસતા મુખે જિંદાદિલીથી જીવો. દિલ ખોલીને જીવો. ખુશ રહો અને અન્યને ખુશ રાખતા શીખો. સુખ અને દુ:ખનું આવન-જાવન તો થયા કરશે. આપના ખમીર અને ખુમારી તથા ગૌરવ અને ગરિમાને એક અકબંધ રાખજો. હૈયે હેત, દિલમાં પ્રિત હ્રદયમાં હાશકારો જિંદગી જીવવાનો અનુપમ આનંદ આપશે.

પરિવારજનો આપ સૌની જીવનયાત્રા સાર્થક અને સમર્થ બને તેવી પ્રભુ પ્રાર્થના.

જયેશ અને નિહારિકાના વંદન
રાહી ફાઉન્ડેશન

ધર્મ, પરંપરા અને પ્રભાવ

શ્રી જયેશ પરીખ (ઉપપ્રમુખ, સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર - બૃહદ)

"ભ્રમ નિરસન થાય ને બ્રહ્મ નિદર્શન થાય"

પૃથ્વી ઉપર મહાન ભારત દેશમાં અવતરિત આપણે સૌ પરમ સૌભાગ્યશાળી છીએ. ૮૪ લાખ યોનિમાં ભ્રમણ કરીને અમૂલ્ય, અદ્ભૂત અને અલૌકિક માનવ દેહ આપણને સૌને પ્રાપ્ત થયો છે. આધ્યાત્મિક વિશ્વ ગુરુ ભારત દેશના સંતાનો એવા આપણને ધર્મ, સંસ્કાર અને સંસ્કૃતિનો ભવ્ય અને દિવ્ય વારસો મળ્યો છે. પુરાતન સનાતન હિન્દુ વૈદિક ધર્મ એ આગવી પહેચાન છે. કાળક્રમે બીજા ધર્મો પણ અસ્તિત્વમાં આવતા અને તેનો પણ પ્રચાર-પ્રસાર થયો. મારા મતે દરેક ધર્મના પાયામાં સત્ય, પ્રેમ અને કરુણાની વાત છે. સકારાત્મક, હકારાત્મક અને રચનાત્મક અભિગમનો સંદેશ છે. બંધુત્વ, ભાઈચારો અને એકતાને મહત્ત્વ આપવામાં આવે છે. અંધકારને ઉજાસમાં, અજ્ઞાનને જ્ઞાનમાં અને અહંકારને પ્રેમમાં પરિવર્તિત કરવાનું કાર્ય ધર્મનું છે. ભગવાનની ઉપાસના અને આરાધના કરવાથી ભક્તિ-શક્તિરૂપી ઊર્જા માણસને પ્રાપ્ત થાય છે. ધર્મ ધ્યાન માનવીને સરળ, સહજ અને નિર્મળ બનાવે છે. માનવીના શ્વાસમાં વિશ્વાસ અને વિશ્વાસમાં આત્મવિશ્વાસ પ્રગટાવવાનું ઉમદા કાર્ય ધર્મ, નિતિમત્તા અને પ્રામાણિકતા દ્વારા થાય છે. સ્નેહ જ્યારે શંકા બને ત્યારે ઈર્ષાનો જન્મ થાય છે.

"કોડિયું ખોરડામાં અજવાસ પ્રગટાવે છે,
ખોળિયું હૈયામાં વિશ્વાસ પ્રગટાવે છે."

ધાર્મિક પરંપરા ને અનુસરવામાં કંઈ જ ખોટું નથી, પરંતુ તે શ્રદ્ધા વધારનારી અને અંધશ્રદ્ધાને દૂર કરનારી હોવી જોઈએ. પરંપરામાં લોકકલ્યાણ, લોક ઉત્થાન અને સમાજોપયોગી હેતુ હોવો જરૂરી છે. પરંપરામાં કંઈક ત્રુટિ હોય અથવા તો નવા આધુનિક જમાના સાથે તાલમેળ ના હોય તો અવશ્ય તે સુધારવી ઘટે. ધર્મનું રક્ષણ થવું ફરજિયાત છે. ધર્મ પ્રત્યે ભાવ એ સ્વાભાવિક પ્રક્રિયા છે, અને તે હોવી જ જોઈએ. કોઈ કારણસર એ માર્ગે ઈચ્છાપૂર્તિ ના થાય તો તેના પ્રત્યે અભાવની લાગણી તો ના જ થવી જોઈએ. ધર્મનો પ્રભાવ સંસ્કાર અને સંસ્કૃતિના જતન અને સંવર્ધન માટે હોવો જોઈએ.

બીજા ધર્મને ઉતારી પાડવો, આપણા ધર્મને ચડિયાતો સાબિત કરવો અથવા અન્ય ધર્મનું અપમાન કરવું તે યોગ્ય નથી. સર્વ ધર્મ સમભાવ રાખવો ઈચ્છનીય છે. સમાજકલ્યાણ અને માનવ કલ્યાણના વધુ કાર્યો કરીને આપણી લીટી મોટી કરવી એ સંસ્કૃતિ શ્રેષ્ઠ ગણાય. ઉત્તમમાંથી સર્વોત્તમ અને શ્રેષ્ઠમાંથી સર્વશ્રેષ્ઠ જે બનાવે તે સાચો માનવ ધર્મ. માનવ ધર્મની વિચારધારામાં માનતો માણસ કદી દુઃખી થતો નથી.

ઉદારતા, જતું કરવાની ભાવના, બદલો લેવાની શક્તિ હોય છતાં માફ કરવાની વૃત્તિ ધરાવતો માણસ તેની જીવન યાત્રાને સાર્થક અને સમર્થ બનાવે છે. અહમ ને ઓગાળવા અને અજ્ઞાનને દૂર કરવાના પ્રયત્નો જે કરે તે વાતાવરણને વૈમનસ્યમાંથી મુક્ત કરી શકવા સમર્થ બનેછે. જે ધર્મમાં કેવળ હિંસાનું મહત્ત્વ હોય તે ધર્મને બિલકુલ મહત્ત્વ આપવું નહિ.

ધર્મના ધાર્મિક, પારંપારિક અને આધ્યાત્મિક મૂલ્યોનું જતન કરવું એ આપણા સૌની સામૂહિક જવાબદારી છે. દેખાડો, વાડાબંધી, ભપકો અને બિનજરૂરી સ્પર્ધાથી દૂર રહેવાની જરૂર છે. આસ્થા અને શ્રદ્ધાનું સ્થાન દરેક ધર્મમાં અડગ અને અટલ હોવું જોઈએ. માણસનું દુઃખ કરતા તેનો ભગવાન મોટો છે અને માણસનો માર્ગ વિકટ છે તેના કરતાં તેનો ભગવાન વધુ નિકટ છે તેમ ચોક્કસપણે માનવું, આસ્થા રાખવી અને શ્રદ્ધા રાખવી. પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા માનવજીવનને સહેતુક બનાવે છે.

ધર્મ સાચા સંતોથી ઉજળો છે. સાચો સંત એ છે કે જે હંમેશા સમાજમાં વસંત લાવવાનું ઉમદા કાર્ય કરે છે. અંધશ્રદ્ધાને રોકે છે. માનવ સેવા એ જ પ્રભુ સેવા છે તે સંદેશ ને ચરિતાર્થ કરે છે. આત્માનું પરમાત્મા સાથે અનુસંધાન કરાવવામાં નિમિત્ત બને છે. અનુયાયી કે સત્સંગી વધારવાને બદલે ભગવાનના સાચા સેવકોનું ઘડતર કરીને નિર્માણ કરવાનું કાર્ય કરે છે.

સમાજમાં ચેતના અને જાગૃતિ લાવવાનું કાર્ય ધર્મ અને સંતો કરે છે. સંતો માર્ગદર્શક બને છે અને ભક્તોને પારદર્શક બનાવે છે. ધર્મ માણસને આસ્તિક બનાવે છે અને સંતો સદમાર્ગ દેખાડી માણસને વાસ્તવિક બનાવવાનું કાર્ય કરે છે.

સમાપનમાં ધર્મ અને વિજ્ઞાન એક સિક્કાની બે બાજુ છે. ધર્મથી માણસમાં સંસ્કારનું સિંચન થાય છે અને વિજ્ઞાન સુખ-સગવડ ને ઉપલબ્ધ કરાવે છે. ધર્મ મનને શાંત રાખે છે, વિજ્ઞાન તનને સગવડ આપવાનું કાર્ય કરે છે. ધર્મ નો જય હો, અને સર્વ માનવ જગતનું કલ્યાણ થાવ તેવી પ્રભભુ પ્રાર્થના.

જયેશ અને નિહારિકાના વંદન
રાહી ફાઉન્ડેશન

Monday MARK by RAJEEV MANIAR

Rajeev Maniar
Life Skill Mentor & Trainer
9825028399
www.rajeevmaniar.com

SAUNTERING

A fresh graduate from the college, was working extremely hard to earn money. He worked continuously for 10 years and never took rest. His parents continuously reminded him to take a break from work. At-least 1 week within every 6 months. He always thought that, let me work first and I will enjoy later. There's life to enjoy.

During these years, he earned a lot of money and one day he suddenly died of cardiac arrest. The family was under deep grief as he was the only son!

Sauntering! A new word, which we should understand that we should not wait for big pleasures in life but start enjoying the smallest incidences what happens to us, while we are alive. We need to find joy while walking, chit-chatting with friends and take short vacations as and when time permits!

Friends, Work, is a never ending process till you are alive! Spare time for sauntering in your daily schedule & **Make Your MARK.**

APPLES!

Once a mother was teaching mathematics to her 4 year old daughter. She asked her a question – If I have 10 apples and I give 7 apples to your elder brother – how many will be left with you?

Instead of answering, The daughter started crying. The mother told her – Don't worry beta, if you don't know the answer, I will teach you! The daughter still started crying more n more. The mother asked – What happened beta, please tell me!

The daughter cryingly replied – You always love elder brother more because he is a boy-that's why you are giving him more apples even through examples.

If you are Parent having 2 or more children, a situation to be thought of – Why the younger daughter must have felt like this? Unknowingly do not create situations like this & **Make Your MARK.**

DISCIPLINE

Last week a visited a café house which was near a reputed college. I saw a board on which it was written –

1 Coffee – Rs. 100/-

1 Coffee Please – Rs. 75/-

Hello (with a smile□) – Can I have one Coffee Please – Rs. 50/-

I was surprised to see this. I met the owner who was sitting behind the counter. I asked why this price difference? Is the quality, quantity, or the ingredients different?

She smilingly replied – No Sir! As you see, the café is near the college and the students visiting here miss on showing respect and discipline in words. Everyone is a human! This is my small attempt to make them understand how much respect and discipline is important! It can save your money as well!!

Friends, we should talk with respect with each one whom we meet. Please talk with respect and **Make Your MARK.**

DISCIPLE

Once a Guru had a Disciple who was very poor but was sincerely doing seva of his guru. He had a small shop next to the Ashram. He would work tirelessly and would never refuse any type of work given by the Guru. After some time, the Guru had to leave for a long pilgrimage.

While leaving, the Guru gave him a "Mani" and told him - This "Mani" is special. It would turn iron into Gold. Buy an iron piece and tie it with this Mani & it will change it into gold. Please do this before I come back, or the "Mani" will lose its pow er. I will come back after 1 month. The Disciple took the "Mani" but did not utilize it at all till the guru returned.

The guru was surprised to see the same situation of the poor Disciple.

He asked, why did you not utilize the "Mani" I gave you? The Disciple replied – Guruji, I am happy as I am. I do not want anything without effort. To do your seva made me happy, so I was doing it! I know that you gave this mani, because you felt you should give because I did seva, But then, once I fall in the habit of getting things free or I will always look forward doing everything with an expectation!

Friends, Do Seva without expectations & **Make Your MARK.**

આજના દિવસે

૩ ઓગસ્ટ, ૧૯૧૬ : આજના દિવસે ઉર્દૂ શાયર, સાહિત્યકાર તથા હિન્દી ફિલ્મોના ગીતકાર શકીલ બદાયુંનીનો જન્મ થયો હતો. એમણે ૮૯ ફિલ્મો માટે ગીત લખ્યા હતા. ભારત સરકારે એમને ગીતકાર–એ–આઝમ ખિતાબથી સન્માનિત કર્યા હતા.

૭ ઓગસ્ટ, ૧૯૩૪ : આજના દિવસે ગુજરાતી લેખક ભોળાભાઈ પટેલનો જન્મ થયો હતો. એમણે ગુજરાત યુનિવર્સિટીમાં અનેક ભાષાઓનું શિક્ષણ આપ્યું હતું. ભારત સરકારે ૨૦૦૮ માં એમને પદ્મશ્રી ખિતાબથી સન્માનિત કર્યા હતા.

૮ ઓગસ્ટ, ૧૯૧૩ : આજના દિવસે ગુજરાતી નિબંધકાર, વિવેચક, અનુવાદક, જીવનવૃત્તાંત લેખક, તંત્રી અમૃતલાલ યાજ્ઞિકનો જન્મ થયો હતો. તેઓ મુંબઈમાં કે. જે. રોમૈયા અને મીઠીબાઈ કોલેજના પ્રિન્સીપાલ રહ્યા હતા.

શ્રીમતી નયનાબેન ભૂપેન્દ્રભાઈ પારેખના જય શ્રી સ્વામીનારાયણ

જીવનનું ઝારણ

- ગીરીશ એલ. ગાંધી "જય ગીરી"



૧. જીંદગીના જુગારમાં કિસ્મતને દોષ ના દેશો યારો, કર્મનું કાર્ડ એજ હુકમનું પાનુ છે. – બાળપણમાં બોલતા શીખવાડનાર માબાપને વૃદ્ધા અવસ્થામાં મૌનની ભાષા શીખવી પડે છે.

૨. મમ્મી માટે વેકેશન સ્પેશ્યલ :– હરિઓમ હરિ, – દાળ, ભાત, શાક, – ખાવું હોય તો ખાવ નહીંતર 'મામા'ને ઘર જાવ. તા.ક. – હું પાછળ આવું જ છું.

૩. સચ–જૂઠ, સાક્ષી પુરાવાની જરૂર કોર્ટરૂમમાં જ પડે યારો સંબંધોના સદનમાં નહિ. સબંધો તો લાગણી સભર થયેલ તિરસ્કારની પણ સ્વીકૃતિ હોય છે વ્હાલા

૪. માનવી મુશ્કેલીમાં હારતો નથી પરંતુ મજબૂરીમાં હારી જાય છે.

૫. મરનારના વારસ મળી રહે છે પરંતુ જીવીતના વારસ મળવા મુશ્કેલ છે.

૬. દિલ ખોલીને વાત કરવી છે મારે, પણ દરવાજા ખુલતા નથી તમારા દિલના, ખટખટાવીને થાકી ગયો અંતે દિલમાં દબાવીને જ બેસી ગયો.

૭. કાળ કોઇને છોડતો નથી, ભાગ્યમાં છે તે ભોગવાતું નથી, જીંદગી જીવવી છે સહુને, પણ જીવતા આવડતું નથી કર્મ સારા અને કૃપા હોઇ જો ઈશ્વરની તો કોઈ કાર્ય અટકતું નથી.

૮. સત્તાના સિંહાસન ઉપર બેઠેલો માનવી ટીકાનો ટોકન સ્વીકારતો નથી પરંતુ હજુરીયાની હાજી હા સ્વીકારે છે.

૯. ખબર નથી પડતી માનવીને કે જીવવુંકેવી રીતે, જો 'હા' કહે તો 'હુલ્લડ' થાય 'ના' કહે તો 'નારાજ' થાય, 'હા' કે 'ના' કાંઈ ના કહે તો સહન કરવું પડે.

૧૦. ભાઈની પાછળ જો 'બંધ' લાગી જાય (ભાઈબંધ) તો ભાઈ–ભાઈના સંબંધોમાં ક્યારેય 'અસંતોષ' પેદા ન થાય.

૧૧. અહંકારથી આશા અને અરમાનોનો અસ્ત થાય છે, જ્યારે આત્મીયતાથી આશા અને અરમાનો પૂરા કરી શકાય છે.

૧૨. તમે ગમે તેટલા સહનશીલ બની સામેની વ્યક્તિને સાંભળતા રહો છો પછી જ્યારે તમે બોલવાનું શરૂ કરો છો ત્યારે સચ્ચાઇ સામે આવતાની સાથે જ તેની સહનશક્તિની લિમીટ આવતા જ તેની અસલીયત સામે આવી જાય છે.

૧૩. સંબંધોને જાણ્યા, માણ્યા પછી તાણ્યા તો છટકી ગયા ત્યારે ભભાન થયું કે આતો સ્વાર્થી સંબંધોની લપસણી છે.

૧૪. મન દરેક લોકો પાસે હોય છે પરંતુ મનોબળ જે લોકો પાસે હોય તે જ જીવન સાર્થક અને સફળ બનાવી શકે છે.

સંતોષી જીવન જીવવું હોય તો -
બદલાનો બહિષ્કાર કરો - પોતાનાને પ્રેમ કરો - પરાયાને પોતીકા કરો
તિરસ્કારનો ત્યાગ કરો - સલાહને સમજો - જીંદગી જોઈને જીવો
શંકાનું સમાધાન કરો - સંજોગોનો સામનો કરો.
આટલું જો અંતરમાં ઉતારશો તો જીવનમાં જરૂર સંતોષ પામશો.

જીવનમાં સહેલું શું ? અને અઘરું શું ? તેનું માનસિક તારણ

- ગીરીશ એલ. ગાંધી "જય ગીરી"

જીવનમાં સહેલું

સહાય લેવી સહેલી છે
અપમાન કરવું સહેલું છે
પ્રેમ કરવો સહેલો છે
સંભળાવવું સહેલું છે
તિરસ્કાર કરવો સહેલો છે
સલાહ આપવી સહેલી છે
ગંદકી કરવી સહેલી છે
વિચારવું સહેલું છે
કરજ લેવું સહેલું છે
નિંદા કરવી સહેલી છે
પૈસો વાપરવો સહેલો છે
લોન લેવી સહેલી છે
આબરુ મેળવવી સહેલી છે
આરોપ મૂકવો સહેલ છે
સંબંધ બાંધવો સહેલો છે
ખોટું બોલવું સહેલું છે
કોઈને કામ આપવું સહેલું છે
ચારિત્રનું ખંડન કરવું સહેલું છે
દુઃખ આપવું સહેલું છે
ભજન ગાવું સહેલું છે
સંસાર માંડવો સહેલો છે
ઉધાર આપવું સહેલું છે
દુશ્મનાવટ કરવી સહેલી છે
ક્રોધ કરવો સહેલો છે
સ્વાર્થી બનવું સહેલું છે
માનવીને ઓળખવો સહેલો છે

જીવનમાં અઘરું

સહાય કરવી અઘરી છે
માન આપવું અઘરું છે
પ્રેમ નિભાવવો અઘરો છે
સાંભળવું અઘરું છે
સ્વીકારવું અઘરું છે
સલાહ સ્વીકારવી અઘરી છે
સ્વચ્છતા જાળવવી અઘરી છે
વિચારને અમલમાં મૂકવો અઘરો છે
કરજ ભરપાઈ કરવું અઘરું છે
પ્રશંસા કરવી અઘરી છે
પૈસાની બચત કરવી અઘરી છે
વ્યાજ સાથે હપ્તા ભરવા અઘરા છે
આબરુને જાળવી રાખવી અઘરી છે
આરોપ સ્વીકારવો અઘરો છે
સંબંધને નિભાવવો અઘરો છે
સાચું બોલવું અઘરું છે
કોઈનું કામ કરવું અઘરું છે
ચારિત્ર જાળવવું અઘરું છે
દુઃખ સહન કરવું અઘરું છે
ભજનનો ભાવ સમજવો અઘરો છે
સંસાર નિભાવવો અઘરો છે
ઉઘરાણી કરવી અઘરી છે
મિત્રતા કરવી અઘરી છે
ક્રોધનો સામનો કરવો અઘરો છે
ત્યાગી બનવું અઘરું છે
માનવીને સમજવો અઘરો છે

"યુવાનોમાં વધતા હાર્ટએટેકના કિસ્સા લોકોમાં ભય અને ચિંતાનું મોજું"

- સુનીલ ચાંદોરીકર

છેલ્લા ઘણા સમયથી વર્તમાનપત્રોમાં યુવાનોના હાર્ટએટેકના પરિણામે થતા મૃત્યુના સમાચાર વધવા લાગ્યા છે. હાર્ટએટેકના પરિણામે અગાઉ ૪૦+ પછીના યુવાનો તેનો ભોગ બનતા હતા પરંતુ હમણાં હમણાં ૧૮ થી ૨૫ વર્ષના નવયુવાનો પણ તેનો ભોગ બની રહ્યા છે. આવા કિસ્સાઓમાં લોકોને સાવચેત રહેવા કે સારવાર મેળવવાનો અવસર મળવાનો સમય પણ મળતો ન હતો અને સ્થળ પર જ મૃત્યુ થયાના સમાચાર જોવા મળ્યા. આવા કિસ્સાઓ માત્ર એક શહેર કે રાજ્ય પર સીમીત ન રહેતા કોઈ પણ શહેર કે રાજ્ય ન બનતાં બધે જોવા મળ્યા હતા. તાજેતરમાં જૂનાગઢના એક ગામમાં એક ખેતમજુરનું અચાનક બેભાન થઈ ઢળી પડવાથી મૃત્યુ થયાનું આઘાતજનક અને ચોંકાવનારું હતું.

હવે તો લોકોએ એવી ચિંતા થવા લાગી કે એટેક ક્યાં ? ક્યારે ? કેવી રીતે ? કેવા સંજોગોમાં હાલતા... ચાલતા... ઉઠતા... બેસતા... નાચતા કેવી રીતે યમરાજા મૃત્યુનો સંદેશો લઈને આવશે તેવી દહેશત લોકોમાં જોવા મળવા લાગી. આ બાબતે કોરોનાના સમયગાળા અને ત્યાર પછી ઘણા રિસર્ચ...સંશોધનો હાથ ધરાયા અને તેના તારણો પણ ઘણા ચોંકાવનારા જોવા મળ્યા. યુવાનોમાં વધુ પડતો કાર્યબોજ, તણાવ, વધુ પડતી એક્સરસાઈઝ, બદલતી જીવનશૈલી, કાર્યશેલી વગેરે બાબતો ધ્યાનમાં આવી આ સમયગાળા દરમિયાન રમતવીર, કોમેડિયન, બોલીવુડના કલાકાર એવા સેલેબ્રીટીઝમાં એટેકના કિસ્સાઓ ધ્યાન પર આવ્યા. બોલીવુડ અભિનેતા સિદ્ધાર્થ શૂક્લ માત્ર ૪૦ વર્ષની વયમાં એટેકનો ભોગ બન્યા અને મૃત્યુ પામ્યા. જાણીતા ક્રિકેટર અને ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલી પણ એટેકનો ભોગ બન્યા. સદનસીબે તેઓ બચી ગયા. જાણીતા ગાયક કલાકાર અને કેકેના હુલામણા નામે પ્રસિદ્ધ સીંગર પણ એટેકથી મૃત્યુ પામ્યા. જાણીતા કોમેડીયન રાજુ શ્રીવાસ્તવ જીમમાં કસરત કરતા એટેકનો ભોગ બન્યા. ૪૫ દિવસ આઈ.સી.યુ.માં રહ્યા પણ મોતને હાથતાળી ન દઈ શક્યા ને મૃત્યુ પામ્યા. જાણીતા ન્યુઝ એન્કર રોહિત સરદાના કોરોના કાળમાં એટેકના કારણે જ મૃત્યુ પામ્યા. આ બધા ૪૦+ ના યુવાનો હતા. પણ તાજેતરમાં જે યુવાનો હાર્ટએટેકનો ભોગ બન્યા તે મોટાભાગે ૧૮ થી ૨૫ વર્ષના નવયુવાનો હતાં.

અત્યારે યુવાનોના મૃત્યુના કારણોમાં નીચે મુજબના તારણો જોવા મળ્યા.

(૧) અપૂરતી ઊંઘ :- અત્યારે યુવાનો મોટાભાગે સોશિયલ મીડિયામાં વ્યસ્ત હોવાના કારણે સતત મોબાઈલ અને કમ્પ્યૂટરમાં વ્યસ્ત અને મસ્ત રહે છે. પરિણામે તેઓ પૂરતી ઊંઘ લેતા નથી. અપૂરતી ઊંઘ શરીરમાં અનેક રોગને આમંત્રણ આપે છે.

(૨) ખાણી-પીણીમાં બેદરકારી આજના યુગમાં યુવાનોમાં ખાણીપીણીમાં બેદરકારી દાખવે છે. સતત ફાસ્ટફુડ, પીઝા, બર્ગર, ચાઈનીઝ, કોન્ટીનેન્ટલ ફુડ, સોફ્ટ ડ્રીંક્સ, પાર્ટીઓમાં શરાબની પાર્ટી, મોડી રાત સુધી ફરવું. વગેરેના કારણે પોતાની તબિયત પ્રત્યે બેદરકાર રહી જાણે અજાણે રોગને આમંત્રણ આપી ભોગ બનવા લાગ્યા.

(૩) યુવાનોની લાઈફસ્ટાઈલ બદલાઈ, જીવન સ્ટાઈલ બદલાઈ, ખાવા-પીવા અને ઉંઘવાની બાબતોમાં પણ અનિયમિતતા જોવા મળી. તેઓમાં મદ્યપાન અને ધુમ્રપાનનું પણ ચલણ વધવા લાગ્યા. આ બધાની અસર તેમની ઉંઘ પર પડી. સામાન્ય રીતે સ્વસ્થ વ્યક્તિએ ઓછામાં ઓછી સાતથી આઠ કલાકની ઉંઘ લેવી જરૂરી છે. મોડી રાત સુધી જાગવું, મોડા ઉઠવું, શારીરિક શ્રમનો અભાવ, બેઠાડું જીવન આ બધાની અસર તેમની તંદુરસ્તી પર પડી.

(૪) હરિફાઈના જમાનામાં નોકરી મેળવવાથી માંડીને નોકરી ટકાવવાની બાબત સુદ્ધામાં પણ યુવાનોને તણાવનો સામનો કરવો પડતો હોય છે. શારીરિક અને માનસિક અસ્વસ્થતાની સીધી અસર શરીરની તંદુરસ્તી પર પડવા લાગતા તે હાર્ટએટેકનો ભોગ બને છે.

(૫) કોરોનામાંથી સાજા થયેલા યુવાનોમાં ફેફસાના રોગનું પ્રમાણ સવિશેષ વધતું જોવા મળ્યું. કોરોના બાદ ઘણા યુવાનો સ્ટ્રોક અને કોરોનાથી હાર્ટએટેક અને હાર્ટ ફેલ્યોરનો ભોગ બન્યા હતા.

આ બધાથી બચવાના ઉપાયોમાં પૂરતી ઊંઘ, મદ્યપાન-ધુમ્રપાનનો ત્યાગ, હળવી કસરતો, હેલ્થી ફુડ અને ડાયેટ, સમયાંતરે બીપી, ડાયાબીટીસ જેવા રોગ માટેની લેબ ટેસ્ટ કરતા રહેવું જોઈએ. જેથી આવનારા ભયને સમજી સમયસર સારવાર કરાવી શકાય.

"વાયરલેસ ઈયરબર્ડ્સ ખરીદતી વખતે ધ્યાનમાં રાખવા જેવી બાબતો"

- સુનીલ ચાંદોરીકર

આજકાલ યુવાનોમાં હોલીવુડ-બોલીવુડ, રીમીક્સ, આલ્બમ સોંગ અને અન્ય ગીત-સંગીતનો ક્રેઝ વધ્યો છે. ગીત-સંગીત પણ આપણા જીવનનો અનિવાર્ય ભાગ બન્યો છે. ગમે તેવા ખરાબ મુડને સારા મુડમાં પરિવર્તિત કરવા સંગીત અગત્યનો ભાગ ભજવે છે. મુસાફરી, લોંગ ડ્રાઈવ, રાત્રી મુસાફરી અને ટ્રેકીંગ જેવી ઈવેન્ટ્સમાં પણ તે મદદરૂપ બને છે. પણ આવા સંગીતને વધારે સારી રીતે સાંભળવા, એન્જોય કરવા આપણી પાસે એક સારા Earphone (ઈયરફોન)ની આવશ્યકતા છે. બજારમાંથી એક સારો વાયરલેસ ઈયરફોન શોધવો ઘણું કપરું કામ છે. આવું ગેઝેટ સારું, કિફાયતી તમામ ફિચર્સને સમાવિષ્ટ કરતું હોય તો સારી રીતે સંગીતને માણી શકાય. સ્માર્ટ ઈયરબર્ડસની પસંદગી કરતી વખતે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે.

(૧) ડ્રાઈવર સાઈઝ - સામાન્ય રીતે આપણે સાઉન્ડ ક્વાલીટી પર વિશેષ ધ્યાન રાખતા હોય છે પરંતુ તેની સાથે લાઉડ સાઈઝને લક્ષમાં લેવી જરૂરી છે. જેથી તમે લાઉડ મ્યુઝિક માણી શકો. શાર્પ સાઉન્ડવાળા ઈયરબર્ડ કાનમાં મુશ્કેલી સર્જી શકે છે. તેથી આવા ઈયરબર્ડસ લેવાનું ટાળવું. લોકોએ ૧૦ થી ૧૩ મિલીમીટરવાળો ડ્રાઈવર સાઈઝ ઈયરબર્ડ લેવો જરૂરી છે.

(૨) બેટરી લાઈફ : સામાન્ય રીતેકોઈ પણ ઈયરબર્ડની બેટરી કેસ વગર ૨ થી ૩ કલાક ચાલે છે કેસ સાથે ૩૦ થી ૩૨ કલાક ચાલે છે. થોડા મોંઘા ઈયરબર્ડસ ચાર હજારથી પાંચ હજારની રેઈન્જવાળામાં ૪ થી ૫ કલાક બેટરી ચાલે છે તે ધ્યાનમાં રાખવું.

(૩) નોઈસ કેન્સેલેશન ફીચર : જે ઈયરબર્ડસમાં આવું ફીચર ન હોય તો સંગીત સાંભળતી વખતે બહારનો કોલાહલ, શોરબકોર તમને ખલેલ પહોંચાડશે. જેવી આવું નોઈઝ કેન્સેલેશન ફીચરથી બહારના અવાજ અને કોલાહલને રોકી શકાય. તમે સ્પષ્ટ અને સુમધૂર સંગીતની મજા માણી શકો છો. સસ્તા ઈયરબર્ડમાં આવું ફીચર જોવા મળતું નથી.

(૪) બ્લ્યુ ટ્રુથ કનેક્ટીવીટી : જે ઈયરબર્ડમાં બ્લ્યુ ટુથની કનેક્ટીવીટીની સ્પીડ અને રેન્જ વધારે હોય તે ઈયરબર્ડની પસંદગી કરવી જરૂરીછે. સામાન્ય રીતે સ્પીડ અને રેન્જની બાબતમાં ૫.૦ થી માંડી ૫.૩ની રેન્જવાળા ઈયરબર્ડની પસંદગી કરી શકાય.

(૫) ડિઝાઈન : આકર્ષક અને વજનમાં હલકા ઈયરબર્ડની પસંદગીનો ક્રેઝ યુવાનોમાં જોવા મળતો હોવા છતાં આવા ઈયરબર્ડ જો કાનને નુકસાન કરતા હોય તો આવા ઈયરબર્ડની પસંદગી ટાળવી જોઈએ. વજનમાં હલકા, સોફટ અને કાનને અનુકૂળ હોય તેવા ઈયરબર્ડની પસંદગી કરવી જરૂરી છે.

દેખાવ નહિ, આચરણ બોલશે

ક્રમ એવો છે કે એક સારો વિચાર શુદ્ધ, આચરણને પ્રેરે અને પછી શુદ્ધ આચરણ બીજા સારા વિચારને ખેંચી લાવે.

શુદ્ધ વર્તન ઉપર લોકલાજ કે ટીકાટીપ્પણી કદી અસર ન જમાવે. શુદ્ધ વર્તન એટલે ખુલ્લી કિતાબ જેવું સંપૂર્ણ જાહેર, એકાંતશૂન્ય અને પવિત્ર જીવન. દિવસ હોય કે રાત, ભોજન હો કે આરામ – એક જ રહેણીકરણી. કોઈ દંભ નહીં. મહાપુરૂષોની આ એક સાહજીક વિશેષતા છે.

ગાંધીજી ઈંગ્લાડમાં રાજાના મહેલમાં જતા હતા. તન પર જાડી ધોળી શાલ, પોતડી ને ચંપલ. પત્રકારોએ પૂછ્યું: તમે આ કપડા પહેલીને રાજાને મળવા જશો? ત્યારે ગાંધીજીએ કહ્યું, રાજાએ પણ બે માણસના કપડા પહેર્યા હશે ને? ગાંધીજીની સેન્સ ઓફ હ્યુમર સારી હતી, પણ ઉક્ત પંસંગમાંથી તેમની સાદગી નીતરે છે.

૧૯૮૦માં ડૉ. અબ્દુલ કલામ દ્વારા મિસાઈલ સફળતાપૂર્વક લોન્ચ થયા બાદ તેમના ઉપર સંદેશો આવ્યો : વડાપ્રધાન ઈંદિરા ગાંધી અભિનંદન આપવા તમને દિલ્હી બોલાવે છે. કલામ પોતાના રોજીંદા કપડા અને સાદા સ્લીપર પહેરીને જ બહુમાન મેળવવા પહોંચ્યા.

શુદ્ધ વર્તનમાં કોઈ ઠાઠ માઠ કે કોઈને આંજી નાખવાની વાત ન આવે.

- સાધુ જ્ઞાનવત્સલદાસ

"યંત્રવત્ જીવનનું ચક્કર રોબોટ"

- શ્રી પ્રદીપભાઈ વડોદરીયા (રાજકોટ) મો.: ૯૬૬૨૫ ૨૨૪૫૪

આપણે સૌ જાણીએ છીએ કે અત્યારે જનજીવનમાં વિચાર વાયુ – એકલતા – તનાવ – ડિપ્રેશન અને માનસિક બિમારી વધતી જાય છે. તેનું એક માત્ર કારણ છે તે આપણે યંત્રવત્ જીવનના ચક્કરમાં રોબોટ બની ગયા છીએ. ૨૦૧૦ માં રજનીકાંત સાથે ઐશ્વર્યારાય બચ્ચનની એક રોબોટ ફિલ્મ આવેલ જે ઘણા બધાએ જોઈ જ હશે. આ પિક્ચરમાં બતાવ્યું છે કે રોબોટમાં જે પ્રોગ્રામિંગ ફીટ કરે તે પ્રમાણે રોબોટ એક માણસની જેમ બધું કામ કરે છે.

ટેક્નોલોજીના આ યુગમાં વિજ્ઞાની, અર્થશાસ્ત્રી અને સમાજશાસ્ત્રી માનવ જગતને સતત એવો ભય બતાવે છે કે આગામી વર્ષોમાં રોબોટ બધુ જ કામ કરતા હશે. જે કામ જોઈતું હશે તે રોબોટ અગાઉથી પ્રોગ્રામ કરેલ તમામ કાર્યો પાર પાડતો હશે.

આમ જોઈએ તો એ વાત ઘણી ખરી સાચી પડવા લાગી છે. રોબોટ કે ચીપ ઘણું ખરું હસ્તગત કરી ચૂક્યા છે. માણસની સર્જરી પણ હવે રોબોટથી થવા લાગી છે. રોબોટનો સીધો સાદો અર્થ થાય "યાંત્રિક માનવ" પણ જેમાં હૃદયની લાગણી અને ઈન્દ્રિય સુખની અનુભૂતિ શક્ય ન હોય. ધારો કે રોબોટની નજર સામે કોઈ વ્યક્તિનું શોષણ થાય કે હત્યા થાય તેનો કોઈ જ પ્રતિભાવ નહીં આવી શકે.

રોબોટને કોઈ લાગણી, સંવેદના, કરૂણા અને પ્રેમ પણ નથી હોતો.

મારે કહેવાનું એ થાય છે કે હાલ આપણા સૌની જીંદગી જીવવાની લાઈફસ્ટાઈલ રોબોટ જેવી જ થઈ ગઈ છે. જીવનમાં કમ્પેરીઝન – કોમ્પીટીશન – રેટ રેઈસ, બસ સૌ આવું જીવન જીવવામાં જ જોડાઈ ગયા છે.

આપણે સવારથી ઊંઘમાંથી ઉઠીએ છીએ ત્યારે સચેતન સજીવ હોવાનું મહેસુસ કરીએ છીએ પણ પછી તો રોબોટની જેમજ રોજે રોજ યંત્રવત્ જીવન જીવીએ છીએ કે વિતાવીએ છીએ.

સવારે નિશ્ચિત સમયે ચા-નાસ્તો પછી બાઈકને કીક – બસ સ્ટેન્ડ કે લોકલ મેટ્રો ટ્રેનની ધક્કામુક્કીમાંથી બેઠક મેળવવી. આવું જીવન આપણે જેને ઘડિયાળના ટકોરા જેવી નિયમિત કરીએ છીએ તે એક રીતે વિચારીએ તો રોબોટિક યંત્રવતતા જ કરી શકાય "ટેમ (ટાઈમ) ટુ ટેમ"

ખરેખર માનવ જગત માટે રોબોટ પડકાર નથી પણ માનવ રોબોટ જેવો બનતો જાય છે તે સૌથી વધુ ભયજનક ઘટના બનતી જાય છે. આમ જુઓ તો મોટા ભાગના માણસો અને રોબોટ વચ્ચે કોઈ ભેદ છે ખરો ??

એટલે કે એક રીતે જોઈએ તો આપણે હૃદયના ધબકારા ધરાવતા રોબોટ જ છીએ.

આટલું વાંચતા સૌને એવું લાગશે કે શું રોજીંદુ કામ ન કરવું ?

નોકરી / ધંધો કરવા નિત્યક્રમ તો સમયસર કરવો અનિવાર્ય છે જીવન અને પૃથ્વીના પૈડા વગર કેમ ચાલે !

રોજીંદુ કામ કરવા સામે મારો વિરોધ નથી. દરેકે આજકાલ નોકરી કે ધંધો દબાણ હેઠળ જ કરવું પડે છે. જેને પ્રેસર હેઠળ કામ કરવું એવું કહી શકાય.

હા... જરૂર પ્રેસર હેઠળ કામ જરૂર કરો; ખૂબ જ ધન પણ કમાઓ, માન-પ્રતિષ્ઠા પણ કમાઓ પણ લાંબા ગાળે માનસિક બિમારીથી મુક્ત રહેવું હોય તો આ પ્રેસરને ટેન્શન-સ્ટ્રેસ – ચિંતામાં બદલાય નહીં તેનું ધ્યાન રાખવું જરૂરી છે. જો રોજીંદુ કામ કરતા કરતા જીવનને માણવું હોય જીવનમાં કોઈ ધ્યેય પ્રાપ્ત કરવો હોય – અને સર્જકતાનો અહેસાસ કરવો હોય તો રોજીંદુ જીવનમાં નિખાર અને પોતાના ગમતા કામ કરવામાં વિવિધતા લાવવાની જરૂર છે. એટલે કે જડતા સાથે નહિં પણ ચેતનવંતા બનીને જ રોજીંદુ કામ જારી રાખો. એટલે કે રોજીંદા દામમાં ક્યારેક ક્યારેક સૂર્યોદય કે સૂર્યાસ્ત જોયા કરો ક્યારેક બારી બહાર જોયા કરો – ક્યારેક બાલ્કનીમાં ઉભા રહો અને નજીકથી જનજીવનને જોવાની કોશીષ કરો. ક્યારેક પ્રકૃતિને માણવા પક્ષીઓના કલરવને સાંભળો – વૃક્ષો તરફ દૃષ્ટિ કરો રોજ સવારે ઈશ્વરને ધન્યવાદ કરો કે એક દિવસ વધારે જીવન જીવવા માટે ભેટમાં આપ્યો. તેવું મનોમન વિચારો.

ક્યારેક મન ગમતું સંગીત સાંભળો – ક્યારેક મિત્રો સાથે ગપ્પા મારો – ક્યારેક ક્યારેક પત્ની પાસે પણ નિરાંતથી બેસવા સમય આપો...

તેમ ઘરમાં રહેલ વડીલો – દીકરા – દીકરી સાથે બેસવાનો સમય ફાળવો.

આવું કરવાથી પરિસ્થિતિ બદલાય જાય માટે હકારાત્મક અને હળવું, સહજ જીવન જીવવાની આદત પડશે.

હજુ પણ એક વાત કહું ક્યારેક પ્રત્યેક ગરીબ કે મધ્યમ વર્ગની વ્યક્તિના સંઘર્ષને જાણવાની કોશીષ કરો અને દરરોજ જાત સાથે બેસવાની પણ કોશીષ કરો.

સાચું કહું આજકાલ સ્માર્ટફોનમાં ગળાડુબ રહેવા કરતાં ઉપરની બધી જ વાતને જીવનમાં લાગશો તો તમે જીવંત છો તેનો અહેસાસ કરાવશે.

દુનિયાના અવનવા રંગો બસ આજ રીતે સાક્ષીભાવે જોતા રહેવાનાં

હજુ પણ એક વાત છે જે પ્રકૃતિથી નજીક રહેવા પ્રેરણા મળશે કે ક્યારેક ગામડાંની મુલાકાત લ્યો... ત્યાંના લોકોના વિચાર સમજો, ત્યાંની રહેવાની રીતભાત સમજો તો એક વાત જીવનમાં સમજાશે કે ગામડાંનો માનવી આવતીકાલની ચિંતા ક્યારેય કરતો નથી અને એમનું પાસે જેટલું પણ હશે તેમાંથી પણ તમને આપશે. ક્યારેક આવો પણ અનુભવ કરી તો જુઓ.

એક ખેડૂત પોતાની વાડીમાં કઈ રીતે પોતાની જીવનશૈલી ગુજારેછે તે પણ જાણવા જેવું છે એટલે કે આ રીતે જીવન જીવવાનો અભિગમ રાખવાથી આપણું જીવન યંત્રવત્ નહિં થઈ શકે અને આપણે રોબોટ જેવી નહિં થઈએ.

આપણને એક માણસનો અવતાર મળ્યો છે તો આપણે એક માણસ છીએ તો ખરેખર એક માણસને શોભે તેવા લક્ષણોથી ઉત્તમ જીવન માણી શક્શું અને નજીકના સ્નેહીમિત્રોને પણ આ રીતે જીવન જીવવા માટે પ્રેરણારૂપ બની શકીએ તો આ એક ઉમદા માનવતાનું કમ થઈ શકશે.

એટલે કે આમાં બતાવેલ ઉપાય જ માનવને યંત્રવત્ જીવનના ચક્કરમાંથી બહાર લાવી શકશે. અને એક રોબોટ બનતા અટકાવી શકશે.

ચાલો તો આપણે કરૂણા – પ્રેમ – સેવા – ત્યાગ સ્વરૂપ જીવન જીવવાની કોશીષ કરીએ...

હિસાબ શું રાખવો ?

સમયના આ નિરંતર પ્રવાહમાં
આપણાં થોડા વર્ષોનો હિસાબ શું રાખવો ?
ભરી ભરીને આપ્યું છે જીંદગીએ
જે ના મળ્યું તેનો હિસાબ શું રાખવો ?
આવનાર અનેક દિવસો પ્રકાશમાન છે.
ત્યારે રાત્રિના અંધકારનો હિસાબ શું રાખવો ?
આનંદનની બે ક્ષણ કાફી છે જીવવા માટે
ઉદાસીની ક્ષણોનો હિસાબ શું રાખવો ?
મધુર યાદોનો ખજાનો છે હ્રદયમાં
દુઃખદાયક વાતોનો હિસાબ શું રાખવો ?
મળ્યાં છે ફુલ કેટલાં સ્વજનો પાસેથી
કાટાના જખમનો હિસાબ શું રાખવો ?
જો યાદ કરીને દિલ ખુશ થઈ જાય
તો મળ્યા ના મળ્યાનો હિસાબ શું રાખવો ?
કંઈક તો સરસ છે હર કોઈમાં
થોડીક ખરાબીનો હિસાબ શું રાખવો ?

- શ્રી ભૂપેન્દ્રભાઈ શ્રોફ

સ્વીકારનું સામર્થ્ય

- શ્રી નિરંજનભાઈ દામાણી (જેતપુર)



સમગ્ર જગતના રચયિતા અને બ્રહ્માંડના સર્જનહાર ઈશ્વરે જ્યારથી પ્રકૃતિને સ્થાપિત કરી છે, સારી દુનિયાનું સર્જન કર્યું છે સાથે સાથે ૮૪ લાખ ભિન્ન ભિન્ન જીવસૃષ્ટિનું અસ્તિત્વ પૃથ્વી પર ખડુ કર્યું છે ત્યારથી જ સંપૂર્ણપણે સુવ્યવસ્થિત ઢબે સમગ્ર સૃષ્ટિના સંચાલનની જવાબદારી પણ ઉપાડી છે અને ઈશ્વરની સંચાલન વ્યવસ્થા પણ અદ્‌ભુત અને ચોક્કસ છે. ઈશ્વરનું કોમ્પ્યુટર સુચારુ રુપે જીવસૃષ્ટિનું સંચાલન કરે છે, ક્યાંય પણ કશી પણ જરા સરખી પણ ગરબડ નથી. મતલબ કે જે ઘટનાઓ ઘટી છે ઘટે છે તથા જે બનવાનું છે તે નિયમિતપણે ઈશ્વરનો ચોક્કસ પ્રોગ્રામ છે અને બની રહેલ ઘટનાક્રમ સમગ્ર સૃષ્ટિના કલ્યાણ માટે છે, જે થાય છે તે હંમેશા સારા માટે જ થાય છે. ઈશ્વરના પ્રયત્નો સમગ્ર જીવસૃષ્ટિના સર્વથા કલ્યાણ માટેના જ છે તેમાં મનુષ્યનું કલ્યાણ પણ સંકલિત છે જે હકીકત તેમજ સત્યનો દરેકે આધ્યાત્મિક સ્વીકાર કરવો જરૂરી છે. પરિસ્થિતિનો સ્વીકાર એ માનવજીવન સહજ બનાવે છે કારણ કે આ સર્વે ઘટનાઓનું નિર્માણ કરનાર ઈશ્વર સંપૂર્ણ ભૂત પ્રાણીઓ પ્રત્યે સુહૃદયી એટલે કે સ્વાર્થ રહિત, દયાળુ, પ્રેમી અને સર્વે હિતાર્થ છે એવું ગીતાજીમાં કહેલ છે માટે જીવનના ઘટનાક્રમના સાહજિક સ્વીકારનું સામર્થ્ય કેળવવામાં જ માનવ ભલાઈ છે બીજી રીતે જોઈએ તો માનવજીવનમાં સર્જાતા સંજોગો પરિસ્થિતિમાં કર્મનો સિદ્ધાંત પણ કામ કરે છે દરેક વ્યક્તિ પોતાના કર્મથી બાધિત છે. કર્મ તેવું ફળ એ સત્યને ધ્યાનમાં રાખીને પણ ઉદ્‌ભવતી ઘટનાઓનો સહજ સ્વીકાર કરવાથી માનવી દુ:ખોથી છુટકારો મેળવી સાચા અર્થમાં મુક્ત બને છે.

મહાન લેખક એકાર્ટ ટોલ મુજબ "આ ક્ષણે જે બને છે જે પરિસ્થિતિ નિર્માણ થાય છે એ જીવનના અસ્તિત્વનો ભાગ છે અને તેનો સંપૂર્ણ સ્વીકાર તમને જીવનને અભિવ્યક્ત કરવા શક્તિમાન બનાવે છે સાચી બુદ્ધિમત્તા ત્યારે આવે છે જ્યારે તમે વર્તમાનને બાધારૂપ બનતા અટકો છો." આજ લેખકના મતે "તમે વર્તમાનમાં જે દુ:ખ ઊભું કરો છો, દુ:ખી બનો છો તે હંમેશા પરિસ્થિતિનો કોઈ પણ સ્વરૂપે અસ્વીકાર કરવાથી તથા હકીકતને કોઈ પણ સ્વરૂપે બિનજાગૃત પણે અવરોધવાથી બને છે."

વર્તમાનમાં બનતા બનાવો ઈશ્વરનીચ ન હોવા છતાં આપણે તે પરિવર્તિત કરી શકતા નથી. શાણપણ એ છે કે તેનો જાગૃતપણે સાહજિક સ્વીકાર કરી તેનો સામનો કરવા આપણી જાતને સક્ષમ બનાવવી, આમ કરવાથી સહજતા સર્જાય છે. કોઈ પણ પરિસ્થિતિ કાયમી નથી સમય જ યોગ્ય ઉપાય છે. દુ:ખ અને સુખમય સંજોગો એ મનની માત્ર અનુભૂતિ છે માટે સમતા કેળવી નિડરતાથી સંજોગોનો સ્વીકાર કરવાથી દુ:ખ હળવું થાય છે, દબાણથી મુક્ત થવાય છે. આપણું અસ્તિત્વ એ જીવનના રંગમંચ પર નાટકનો રોલ ભજવવાથી વિશેષ કશું નથી. સ્વીકારનું સામર્થ્ય કેળવવાથી જીવન પ્રફુલ્લિત બને છે. આવી અનાસક્ત વ્યક્તિ સંજોગોને પણ ઝૂકાવી પોતાને અનુકૂળ રાહ કંડારી શકે છે જીવનને સમર્થ, ઉજ્વળ બનાવી શકે છે. દરેક સમયે શ્રેષ્ઠ જ બનશે એવી અપેક્ષા ન કરો પરંતુ હકારાત્મક બની એ સ્વીકારો કે જે કંઈપણ બનશે તે એ ક્ષણ, સમય માટે શ્રેષ્ઠ બનશે. સ્વીકાર એ પ્રેમનું ચલણ છે.

પરિસ્થિતિના સ્વીકાર સાથે સ્વયંનો પોતાની જાતનો પણ સ્વીકાર કરો, પોતાનો સ્વીકાર એ પોતાની જાતને શ્રેષ્ઠ ભેટ આપવા સમાન છે. સ્વયં સ્વીકાર બિનશરતી હોવો ઘટે. તમે જે છો તે છો, તે સામાન્ય છે. કલ્પનામાં રાચી તેનાથી ભિન્ન બનવાની કોશિશ ન કરો. સ્વયંનો સ્વીકાર એ સંવેદનાઓનો મુક્ત અનુભવ કરી દર્શાવવાની છે અને આજ સાચી આઝાદી છે જે જીવનને હળવું ફૂલ કરી દે છે. આ પ્રક્રિયાને પણ માણતા શીખો.

માનસશાસ્ત્ર મુજબ વર્તમાન સંજોગો, પરિસ્થિતિને સ્વીકારી જીવનની કઠીન સમસ્યાઓને તાલમેલ કેળવી નિડરતાથી અને ઉર્જામય હકારાત્મક સોચ દાખવી ઉકેલવાથી દુ:ખદાયક અનુભવો નિવારી શકાશે તેમજ તે સુખદાયક અનુભવોમાં પરિવર્તિત થશે. લેખક ડેવિડ રિચો મુજબ ઘટનાઓનો સ્વીકાર કરવાનું શીખવું એ આપણા હાથમાં છે જ્યારે આપણે વિરોધ કરીએ છીએ ત્યારે આપણે હકીકતને અવગણીએ છીએ અને જીવન એ અમર્યાદ નિરાશાઓવાળું બને છે જ્યારે આપણે પરિસ્થિતિનો સ્વીકાર કરી તેને ભેટતા શીખીએ ત્યારે આપણને સાચું સુખ મળે છે.

વર્તમાન પરિસ્થિતિના સ્વીકારમાં વ્યક્તિને અવરોધરૂપ પરિબળો જોઈએ તો તેમાં વ્યક્તિનું પોતાનું મન (માઈન્ડ) મુખ્ય ભાગ ભજવે છે, જે સ્વીકાર ઈચ્છતું નથી, મન પરિસ્થિતિનું અવલોકન કરી વ્યક્તિને કહે છે કે .. ના ... ના આ પરિસ્થિતિ ખુબ દુ:ખદાયક છે ખુબ ડરામણી છે, હું આની સાથે નહીં નિપટી શકું, અથવા મન કહે છે આ એ નથી જે મેં કલ્પેલું હતું, તેવું દેખાતું પણ નથી જે હું ઈચ્છતો હતો હું આની સાથે હસમત નથી. હવે આમ જો આપણું મન પરિસ્થિતિના સ્વીકારથી સહમત નથી તો પણ તમે મનને અવગણી પરિસ્થિતિ સાથે ઝઝૂમવાનું પસંદ કરી શકો અહીં એ લાગણી અનુભવો કે જેમાં ચિંતા, દુ:ખ, તનાવ, ગુસ્સો વિ. ઉદ્‌ભવે છે તેને

ઉદ્ભવવા દો, તેનું માત્ર અવલોકન કરો, તે બધું આખરે અદ્દશ્ય થઈ જશે પછી સ્વીકાર માટે કોઈ અવરોધો નહીં રહે. આપણું જે મન છે તે પોતાના સ્વપ્નની દુનિયા હકીકતના વિરોધાભાસના સ્વરૂપમાં જાળવવા માંગે તો તેનાથી સચેત બની જાવ. સચેત બનો કે તમો વિચારો, ખ્યાલો, ધારણાઓને વળગો છો જે હકીકત સાથે સુસંગત નથી પરંતુ સ્વપ્ન છે, શક્ય રીતે ભ્રમણા છે. કલ્પનાઓને વળગી રહેવાનું કારણ આઘાત કે ચોટ હોય છે. હકીકતને ઓળખવું એ ખુબ જ દુ:ખદાયક, ડરામણું હોય છે છતાં પણ જાગૃતિ કેળવી તમે જે કરો છો તે જોઈ શકશો કે તમો વર્તમાન પરિસ્થિતિ જોડે, સચ્ચાઇ હકીકતો સાથે રહેવું પસંદ કરો છો અને જે દુ:ખ, ચિંતા, તનાવની લાગણી અનુભવો છો તે સર્વેને આવવા દો તે બધું ચાલ્યું જશે પછી સ્વીકાર માટે કોઈ અવરોધો નહીં રહે.

વિખ્યાત લેખક પાઉલો કોએલો કહે છે કે "લોકો પરિવર્તનને અવરોધે છે કારણ કે તેઓ જે મેળવશે તેનાં પર ધ્યાન આપવાને બદલે તેઓ જે ગુમાવશે તેનાં પર ધ્યાન કેન્દ્રિત કરે છે." વર્તમાન પરિસ્થિતિ, ઘટતી ઘટનાઓએ હકીકત છે જે હંમેશા છે, સત્ય છે જેમ છે તેમ જ છે તેને અવગણવાથી નુકસાન જ છે એ સમજ કેળવવી જરૂરી છે માટે તમારા વર્તમાનને ઓળખો તેની સાથે દોસ્તી કરો તેને સચેતપણે દિલથી સ્વીકારો, વિકટ સંજોગોમાં હકારાત્મક શોચ સાથે જીવો, એજ જીવન છે, વિધિનું વિધાન છે. ઈશ્વર પ્રેરણા છે.

મઝા કરો મઝા...

કદર અને કિંમત
જો સમયસર ન થાય તો,
લાગણી અને માણસ
બંને વિદાય લઈ લે છે.

**પરફ્યુમ ગમે તેટલું ઈમ્પોર્ટેડ લગાડો,
પણ
લારી પર તળાતાં મેથીના ગોટાની
સુગંધ આગળ એનો કોઈ ક્લાસ નથી.**

દરેક ક્ષણમાં
પ્રેમ અને ખુશી છે,
ખોઈ બેસો તો યાદ છે –
જીવી લો તો જિંદગી છે.

**જીવનમાં બે જ વ્યક્તિ
નિષ્ફળ થાય છે-
એક જે વિચારે તે કરતો નથી,
બીજો - જે કરે છે તે વિચારતો નથી.**

સંપત્તિ અને સફળતા
કરતાં
શાંત અને નમ્ર જીવન
માણસને વધુ ખુશી આપે છે.

**સંબંધોની પોલિસી
ચાલુ રાખવા
હાલચાલની માહિતીનું પ્રિમીયમ
નિયમીત ભરતા રહેવું.**

વિચાર અને વિશ્વાસ
એ
જીવનરથના બે પૈડાં છે.

**વ્યક્તિ પડખું ફરે
એટલે દિશા બદલાય...
સમય પડખું ફરે
એટલે દશા બદલાય...**

**પારખી લઈએ -
તો આપણું કોઈ નથી અને
સમજી લઈએ -
તો પારકું કોઈ નથી.**

ગેરસમજ અને અહંકાર
ભેગા થાય ત્યારે
સંબંધોમાં પૂર્ણવિરામ
મુકાઈ જાય છે.

- મૌલિન વૈષ્ણવ (વડોદરા)

શ્રીમતી રેખાબેન મનોજભાઈ કોઠારીના જય શ્રી કૃષ્ણ

નારી તું નારાયણી

- શ્રીમતી રશ્મીબેન એમ. શાહ (અમદાવાદ) (મો.: ૯૮૨૫૭ ૯૩૪૭૬)

'बीना छुट्टी २४ घंटे काम, होममेकर, महिला का संपति पर बराबर हक' – મદ્રાસ હાઇકોર્ટ.

વર્ષો પહેલાં સમાજમાં એક વ્યવસ્થા, વિચારધારા હતી. જેમાં સ્રીઓ બાળકોને જન્મ આપે, બાળકોનું અને પરિવારનું ધ્યાન રાખે અને ગૃહકાર્ય કરે અને મોટાભાગના પુરૂષો આવક માટે નોકરી કે ધંધો કરતા અને તે માટે તેઓને આખો દિવસ બહાર રહેવું પડતું. આ મહિલા જે માત્ર ગૃહકાર્ય કરે છે તેને ગૃહિણી કે 'હોમમેકર' કહેવામાં આવે છે. આ ગૃહિણી ૨૪ x ૭ યાને કે દિવસ-રાત જોયા વગર, એક પણ પૈસાના પગાર / આર્થિક ઉપાર્જન વગર પરિવાર માટે પોતાની જાતહોમી દે છે.

આમ છતાં ગૃહિણીને જે માન-સન્માન મળવા જોઇએ તે મળતા નથી. તેમજ આર્થિક રીતે પણ તે પરતંત્ર રહે છે. સ્રી સમાનતાની વાતો કરતા આપણા સમાજમાં આજે પણ બહેનો, દીકરીઓ કે પત્નીએ સંપતિમાં સમાન હિસ્સા માટે લડવું પડે છે. કોર્ટ-કચેરીના દ્વાર ખખડાવવા પડે છે અથવા તો સમાજમાં બેઇજ્જતી થશે કે કૌટુંબિક સંબંધો ખરાબ થશે તેવા ડરથી પોતાનો હિસ્સો જતો કરવો પડે છે.

આવા જ એક કિસ્સામાં મદ્રાસ હાઇકોર્ટના ન્યાયાધીશ શ્રીકૃષ્ણન્ સ્વામીએ એક મહત્ત્વપૂર્ણ અવલોકન કરીને ગૃહિણીની તરફેણમાં ચુકાદો આપ્યો છે તેના વિશે જાણીએ.

મદ્રાસ હાઇકોર્ટે કહ્યું છે કે ગૃહિણી / હોમમેકર પોતાના પતિની સંપત્તિનો અડધો હિસ્સો મેળવવા માટે હકદાર છે.

તેની તરફેણમાં આગળ કહે છે પત્ની એક દિવસ પણ રજા લેતી નથી. તે આટલી મહેનત પરિવાર માટે કરે છે. તેથી પતિની કમાણીમાંથી ખરીદવામાં આવેલી સંપત્તિમાં પત્ની બરાબરની હકદાર ગણાય. કોર્ટે એમ પણ કહ્યું છે કે જો લગ્ન બાદ પત્ની પોતાના પતિ, બાળકો અને પરિવારની જવાબદારી માટે પોતાના પગારવાળી નોકરી કે કામ છોડી દે તો તેના માટે આર્થિક મુશ્કેલી ઊભી થઇ શકે છે અને તેના પાસે એવું કાંઇ નથી બચતું કે જેને તે પોતાનું કહી શકે.

જસ્ટીસ કૃષ્ણન્ રામસ્વામી એ એમ પણ કહ્યું કે વર્તમાનમાં એવો કોઇ કાયદો નથી કે જે પત્ની દ્વારા અપાયેલા અપ્રત્યક્ષ યોગદાનને માન્યતા આપે. જો કે અદાલત તેને માન્યતા આપી શકે છે.

મદ્રાસ હાઇકોર્ટે ટીપ્પણી કરતા કહ્યું કે મહિલાઓના ગૃહકાર્ય માટે કોઇ એવો કાયદો નથી બન્યો છતાં પતિ-પત્નીમાંથી એકની કમાણી અને બીજાની દેખરેખ-સારસંભાળથી સંપતિ ખરીદી હોય તો બન્નેને સમાન હિસ્સો મળવો જોઇએ. ગૃહિણીનું કામ 'મલ્ટીસ્ટાર' હોય છે. એની અંદર એક સેફને નાતે મેનું નક્કી કરવું. રસોઇ બનાવવી. એક અર્થશાસ્રીના રૂપમાં ઘરનું આવક પ્રમાણે બજેટ બનાવવું અને બચત કરવી. એક મેનેજર તરીકે ઘરના સર્વ કામો ટાઇમ પ્રમાણે મેનેજ કરવા વિ. આમ એક કમાઉ પતિ કરતા તેનું મુલ્ય જરાપણ ઓછું ના આંકી શકાય.

અને તેના આ કામ અને જવાબદારીને કારણે ઘરમાં આરામદાયક અને શાંતિપૂર્ણ માહોલ બને છે. તેથી ઘરેલું મિલકત કે સંપતિ ઉભી કરવામાં એક ગૃહિણીનું અપ્રત્યક્ષ યોગદાન હોય છે.

૧૯૬૫માં લગ્ન કરનારા એક પતિ અને પત્નીના અલગ થવાના કેસમાં ૨૦૧૬ના એક મામલામાં સુનાવણી વખતે કોર્ટ પતિની કમાણીમાંથી પ્રાપ્ત થયેલી સંપત્તિમાં પત્નીને સમાન હિસ્સેદાર ગણાવી હતી.

તામિલનાડુમાં એક પતિ-પત્ની વચ્ચે સંપતિને લઇને વિવાદ થયો હતો. વાદી કન્નયન નાયડું એ અલગ રહેતી પોતાની પત્ની ભાનુમતી પર પોતાની કમાણીથી ખરીદેલી સંપત્તિ છીનવવા માટે અને લગ્નેતર સંબંધ રાખવાનો આરોપ લગાવ્યો હતો. તેના કહેવા મુજબ આ સંપતિ મેં મારી વિદેશમાં કરેલી કમાણીથી ખરીદી છે. આ ઉપરાંત મારી પત્ની અન્ય પુરુષ સાથે સંબંધમાં છે જેની મદદથી પણ તે મારા પર સંપતિ માટે દબાણ કરે છે.

જ્યારે બીજી તરફ પ્રતિવાદી પત્નીએ એવી દલીલ કરી કે અમે પરસ્પર સંમતિથી નક્કી કર્યું હતું કે હું ઘર-બાળકો અને પરિવારનું ધ્યાન રાખીશ અને તેના માટે મેં મારી નોકરી પણ છોડી દીધી હતી. મેં મારા ઘરેણા વેચીને પતિને વિદેશ જવામાં મદદ કરી હતી. નહીંતર હું પણ મારી નોકરી ચાલું રાખીને પૈસા કમાઇ શકી હોત.

પ્રતિવાદીના વકીલ અનુષાએ દલીલ કરતા એમ પણ કહ્યું હતું કે જો પત્ની ઘરનો ખ્યાલ ના રાખતી હોત તો પતિએ ઘરેલું કાર્ય જેવા કે ખાવાનું બનાવવું, બાળકોની દેખભાળ કરવી, બાળકોના સ્કુલના ટાઇમ સાચવવા અને તેઓને ભણાવવા વિ. કામ માટે આઠ-આઠ કલાકની ત્રણ નોકરાણી રાખવી પડે અને તે પછી પતિ પાસે કોઇ પૈસાની બચત ના થાય અને કોઇ સંપત્તિ ખરીદી શકે નહીં.

આ મામલો કોર્ટમાં ચાલતો હતો ત્યારે પતિનું મોત નીપજ્યું હતું, તેથી બાદમાં પુત્રોએ સંપત્તિ પર હકની માગણી કરતા કોર્ટમાં કેસ ચાલુ રાખ્યો હતો.

આ કેસમાં મદ્રાસ હાઇકોર્ટે બહું જ વખાણવા લાયક, સ્પષ્ટ, સાહસી અને સુસંગત રૂખ અપનાવીને કહ્યું કે ગૃહિણીના રૂપમાં પત્ની અપ્રત્યક્ષરૂપે પતિની સંપત્તિમાં યોગદાન આપે છે. માટે પત્ની સંપત્તિમાં બરાબરના હિસ્સાની હકદાર છે અને પત્ની ભાનુમતી કેસ જીતી ગઇ હતી અને એક ગૃહિણી / હોમમેકરની જીત થઇ.

વાનગી વિભાગ

- નીતાબેન ગાંધી (અમદાવાદ)

(૧) દાબેલીનો મસાલો

સામગ્રી : ૨ ચમચી ધાણા, ૧ ચમચી જીરૂ, ૧ ચમચી વરિયાળી, અડધી ચમચી મરી, ૧ ટુકડો તજ, ૧ બાદિયા, ૧ એલચો, ૧ તમાલપત્ર, ૩ લવિંગ ૫–૬ લાલ કાશ્મીરી મરચા, ૨ ચમચી આંબલી, ૨ ટે. સ્પૂન આમચૂર પાઉડર, ૨ ચમચી કોપરાની છીણ

રીત : ધાણાજીરૂ, વરિયાળી, મરી, તજ, બારિયા, એલચો, તમાલપત્ર, મરચા બધુ મિડીયમ તાપે શેકી લેવું કોપરાનું છીણ મિક્સ કરી હતાવવું. મિશ્રણ ગરમ હોય તેથી શેકાઈ જાય. ઠંડી થાય પછી આંબલી મિક્સ કરી ગ્રાઇન્ડ કરવું.

આમચૂર પાઉડર, સંચળ પાઉડર, ખાંડ નાખી બધા જ મસાલા સારી રીતે મિક્સ કરી એરટાઇટ બોટલમાં ભરી લેવો.

ખાંડ આખી વાપરવી. મીઠું મિક્સ કરવું હોય તો શેકીને લેવું. ઈચ્છા હોય તો ચપટી હળદર મિક્સ કરી શકાય.

(૨) પાણીપુરી

કડાઈમાં પા કપ રવો, પા કપ ઘઉંનો લોટ, ચપટી સોડા મિક્સ કરી થોડું થોડું પાણી નાખી લોટ બાંધવો. રોટલી જેવો લોટ બાંધવો ૨૦–૨૫ મિનિટ લોટ ઢાંકી દેવો.

પરાઠા જેવો લોટ રાખી પાતળો રોટલો વણી નાની વાટકી અથવા ઢાંકણ વડે કટ કરી પુરી બનાવવી. ભીના કપડામાં પુરી ટાંકીને ઉપર બીજું કપડું ઢાંકવું લોટ કઠણ થયો હોય તો ઢીલો કરવો.

તેલ ગરમ કરી પુરી નાખી ફુલે પછી મધ્યમ તાપે તળવી. પાણી બનાવવા કોથમીર ફુદીનો મરચા આંબલીનો પલ્પ મરચા લીંબુ રસ નાખી તપેલામાં ગાળી લેવું. ૨ ગ્લાસ પાણી નાખી. સંચળ પાઉડર, મરી પાઉડર, જીરૂ પાઉડર, આમચૂર પાઉડર મરચું નાખી બટાકા ચણા ધાણાજીરૂ, મરચું, ચીલી ફ્લેક્સ નાખી થોડું ચાટમસાલો કોથમીર નાખી મજા માણવી.

(૩) રવા ઢોંસા

રવો ૧ કપ, ૧ ટે. સ્પૂન બેસન, ૧ ચમચી ઘઉંનો લોટ બધું ગ્રાઇન્ડ કરવું. બાઉલમાં કાઢી – ૧ ચમચી મીઠું, ૧ કપ દહીં નાખી હલાવી ઢાંકીને અડધો કલાક રહેવા દેવું.

કડાઈમાં તેલ મૂકી રાય નાખી ચણાદાળ અડદદાળ લીમડાના પાન સ્લાઈઝ કરેલી ડુંગળી નાખી ફાસ્ટ તાપે સાંતળવી.

મીઠું હળદર મરચું પાઉડર નાખી મિક્સ કરવું ૩ મિનિટ સાંતળવું. બટાકા કોથમીર નાખી હલાવવું, ઢાંકીને રાખવું. બેટર બરાબર હલાવી થોડું પાણી નાખી ખૂબ ફીણવું. સોડા પા ચમચી નાખી બે મિનિટ ફેટવું.

તવો ગરમ કરી તેલ નાખી ડુંગળી ઘસવી. પાણી નાખી, બેટર પાથરવું મિડીયમ ફ્લેઈમ રાખવી બાદમાં ફાસ્ટ તાપે રાખી ઉપર તેલ અથવા બટરસ્પ્રેડ કરવું મસાલો નાખી રોલ કરવું.

(૪) બટરનાન ગાર્લિક નાન

અડધો કપ પાણી, પા કપ દૂધ, અડધો કપ દહીં, ૧ ટે.સ્પૂન ઓઈલ, ૨ ટે.સ્પૂન દળેલી ખાંડ બધું તવામાં મિક્સ કરવું.

૨ કપ મેંદો, ૧ કપ ઘઉંનો લોટ, ૧ ટી. બેકિંગ પાઉડર, પા ટી. બેકિંગ સોડા, ચપટી મીઠું નાંખી બધું મિક્સ કરવું.

ચમચી વડે બધું મિક્સ કરી હાથ વડે લોટ બાંધી, પ્લેટફોર્મ પર રાખી ખેંચી ભેગો કરવો. આ રીતે દશ મિનિટ કરવું.

બાઉલમાં તેલ લગાડી ભીનું કપડું રાખી ત્રણ ચાર કલાક રાખવું. અંદરની સાઈડ ગોળ ગોળ ફેરવી મોટા લુવા કરવા તેલ લગાડી ભીનું કપડું ઢાંકી પંદર મિનિટ રાખવું.

નોનસ્ટીક તવામાં નાન વણી તવો ગરમ કરી પાણી છાંટી લૂછી નાખવું. ઓવેલ સેઈપમાં વણી ક્લોજી કોથમીર છાંટી ફરી બે વેલણ મારી સ્ટ્રેચ કરી ધીમે ધીમે લાંબુ કરી હલકે હાથે ઉલટી સાઈડ પાણી લગાડવું.

ગરમ તવા પર હલકે હાથે નાન મૂકી આંગળી વડે પ્રેસ કરી ઉલટાવી ઉભો તવો રાખી શેકવું. બધી સાઈડ હલકા હાથે પલટાવી ગોળ ગોળ ફેરવી બરાબર શેકવું.

ઉપર બટર લગાવી બટર નાન બનાવવી તંદૂરીનાન તૈયાર થશે.

ગાર્લિક નાન : પાણી નાન પર લગાડી સમારેલું લસણ કોથમીર લગાડી ભીના હાથ વડે પ્રેસ કરવું. પાછળ સાઈડ પાણીલગાડી નોન સ્ટીક પર શેકીને બનાવવી.

૫૦ ગ્રા ચીઝ ખમણેલું, ૨ લીલા બારીક સમારેલા મરચાં, ૨ ટે. સ્પૂન બારીક સમારેલું લસણ મિક્સ કરી કટોરી જેવો લૂવો લઈ અંદર ભરી નાનવણી ઉપર લાંબી કરી લસણ ચીજ મરચા કોથમીર છાંટી તવા પર પાણી લગાડી શેકવી. ક્રોસમાં કાપી નાન બનાવવી.

(૫) સાંભાર મસાલો

કડાઈમાં ૧ ટે. સ્પૂન ચણાની દાળ, ૧ ટે. સ્પૂન તુવેરદાળ, ૧ ટે. સ્પૂન અડદ દાળ, ૨ ટી. સ્પૂન ચોખા મિડિયમ તાપે ત્રણ-ચાર મિનિટ શેકવું.

બીજી કડાઈમાં ધાણા ૩ ૧ ટે. જીરૂ ટે. રાય૧ ટી. સ્પૂન મેથી લાલા ૫-૬ સૂકા લાલ મરચા ૩ મિનિટ શેકવું. રાય ફૂટે ત્યાં સુધી શેકવું. બાઉલમાં બધી સામગ્રી લઈ મિક્સ કરવું. લીમડાના પાન રોસ્ટ કરી કડક થાય ત્યાં સુધી શેકવું. ઠંડુ થાય પછી જારમા લઈ ગ્રાઇન્ડ કરવી.

૧ ટી. હીંગ ૧ ટે. કાશ્મીરી પાઉડર ૧ ટે. હળદર. ૧ ટે. મરી મિક્સ કરી ક્રશ કરવું. આંબલી પણ મિક્સ કરી શકાય.

ભારતની અનોખી સિદ્ધીઃ ચંદ્રયાન-૩

૧૪ જુલાઈ-૨૦૨૩ નો દિવસ ભારત માટે બહુ મહત્ત્વનો સાબિત થયો છે. આ દિવસે આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા સ્થિત સતીશ ધવન સ્પેશ સેન્ટર પરથી ચંદ્રયાન-૩ લોન્ચ કરવામાં આવ્યું. જે ૨૪ ઓગસ્ટે ચંદ્રની સપાટી પર ઉતરી શકે છે. ભારતના આ અત્યંત મહત્ત્વાકાંક્ષી મિશનને લીડ કરવાની જવાબદારી સંભાળી છે – રોકેટ વુમન તરીકે ઓળખાતા સ્પેસ સાયન્ટીસ્ટ રિતુ કરીયાલ અને તેમની ટીમને ખૂબ ખૂબ અભિનંદન. ચંદ્રયાન-૩ ભારતના ચંદ્ર અભિયાનનું ત્રીજું અવકાશયાન છે. આ મિશનમાં ચંદ્ર પર સોફ્ટ લેન્ડીંગનો પ્રયાસ કરવામાં આવશે. અગાઉ રશિયા, અમેરીકા અને ચીન એમ ત્રણ જ દેશ આવી સિદ્ધી મેળવી શક્યા છે.

ચંદ્રયાન-૩ મિશન માત્ર ભારત માટે જ નહીં, પરંતુ આખી દુનિયા માટે પણ ખૂબ જ મહત્ત્વનું છે. ભારતના આ મિશનને કારણે બીજા દેશોના મૂન મિશનને ખૂબ જ મોટો ફાયદા થવાનો છે. તેમાંય અમેરિકા દ્વારા માણસોને ચંદ્ર ઉપર મોકલવાની જે તૈયારીઓ ચાલી રહી છે તેને પગલે અમેરીકાને ભારતની સફળતાની સૌથી વધારે આશા છે. ભારતનું આ મિશન ચંદ્રની સપાટીના અભ્યાસ અને ચંદ્રના વાતાવરણના અભ્યાસ માટે એક મહત્ત્વનો રેફરન્સ બની રહેશે. આ સિવાય ચંદ્રના દક્ષિણ ધ્રુવની સપાટીની રચના, તેની સ્થિતિ, તેમાં રહેલા ખનીજો, પાણીની સ્થિતિ, ઓક્સીજન, હાઈડ્રોજન, હિલીયમ વગેરેની ઉપલબ્ધતા વગેરે પણ આ મિશનના માધ્યમથી જાણી શકાશે. ચંદ્રયાન-૩ તેના અંતિમ તબક્કામાં પહોંચી ગયું છે.

દેશના હિત માટે અને સર્વેને સરખો ન્યાય મળે તે માટે મોદી સરકારે – સમાન સિવીલ કોડના કાયદાનું સર્વે ઓનલાઈનમાં લીંક દ્વારા પ્રસ્તુત કરી લોકોના મત અને અભિપ્રાય હાંસલ કરવાનો પ્રયાસ કર્યો છે, જે આ કાયદાને સમજી પોતાનો વોટ સરકારને આપશે તેની બહુમતિને આધારે આ કોડ-કાયદો આગળની કાર્યવાહી હાથ ધરશે. હાલ તો કેટલાક બુદ્ધિજીવી વ્યક્તિઓ આ કાયદાને આવકારતો વોટીંગ કરી રહ્યા છે. જો આ કાયદો અમલમાં આવે તો દરેક ભારતીયને તેનો હક્ક અને સંપૂર્ણ લાભ મળી શકે છે. પરંતુ આ કાયદામાં આગળ કઈ રીતે પ્રક્રિયા કરવામાં આવશે તે તો આ સર્વે બાદ જ ખ્યાલ આવી શકે છે. ટૂંકમાં કહીએ તો લાભકારી પગલું કહી શકાય.

શ્રીમતી વર્ષાબેન રાજુભાઈ દામાણીના જય શ્રી કૃષ્ણ

શ્રી દશા મોઢ માંડલીયા વણિક મહાજન, કૃષ્ણનગર

શ્રી દશા મોઢ માંડલીયા વણીક મહાજન, કૃષ્ણનગરનો વાર્ષિક સ્નેહમિલન તથા સામાન્ય સભા તા. ૦૮-૦૧-૨૦૨૨ અને રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે મીઠી મિર્ચી રેસ્ટોરન્ટ, ફર્સ્ટ ફ્લોર, કસ્તુરી પ્રાઈડ કોમ્પલેક્ષ, ૨૦૦ ફુટ રીંગ રોડ, ટોરેન્ટ ગ્રીડની સામે, સુપ્રિય-૨ની બાજુમાં, નિકોલ, અમદાવાદ ખાતે યોજવામાં આવેલ. આ સ્નેહ મિલન સમારંભમાં મોટી સંખ્યામાં સભ્યો હાજર રહેલ.

વાર્ષિક સ્નેહ મિલન તથા સામાન્ય સભાની શરૂઆત સૌ પ્રથમ ઉપ પ્રમુખ શ્રી રાજુભાઈ દામાણીએ સ્વાગત પ્રવચન કરેલ. સહ ખજાનચી શ્રી જયેશભાઈ શાહ દ્વારા સને ૨૦૨૨/૨૦૨૩ના વાર્ષિક હિસાબો રજૂ કરેલ જે મંજુર કરવામાં આવેલ. ત્યારબાદ પ્રમુખ શ્રી ભુપેન્દ્રભાઈ પારેખ દ્વારા પ્રાસંગિક પ્રવચન કરવામાં આવેલ તથા સંસ્થાના સભ્યોને સરકાર શ્રી દ્વારા મળતી વિવિધ સહાય યોજનાની વિગતવાર માહિતી આપવામાં આવેલ.

સંસ્થાના બે વિદ્યાર્થીઓ દૃષ્ટિ રાજુભાઈ દામાણી તથા સોનલ ધવલભાઈ પટેલ જેમણે ઉચ્ચતર માસ્ટર ડિગ્રી મેળવેલ તથા આગવી સિદ્ધી મેળવેલ તેઓનું મંત્રી શ્રી ભરતભાઈ કલ્યાણી તથા સહમંત્રી શ્રી સતીષભાઈ બી. શાહ દ્વારા ગીફ્ટ આપીને બહુમાન કરવામાં આવેલ તથા સંસ્થાના સભ્ય શ્રી ચંદ્રેશભાઈના માતૃશ્રી એ ૧૦૦+ વર્ષ પૂર્ણ કરેલ હોઈ તેઓનું શાલ ઓઢાડી તેમજ બધા ટ્રસ્ટીઓ દ્વારા ફોટો ફ્રેમ આપીને બહુમાન કરવામાં આવેલ. ત્યારબાદ સંસ્થાની બહેનો દ્વારા હાઉસી ગેમ રમાડવામાં આવેલ.

દરેક સભાસદો એ રેસ્ટોરન્ટમાં જુદી જુદી ૧૩૧ આઈટમોનું લંચ લઈને આનંદમય વાતાવરણમાં છુટા પડેલ.

સદ્ગત સભ્યોને હાર્દિક શ્રદ્ધાંજલિ

સંસ્થાના નીચે જણાવેલ સભ્યોના દુ:ખદ અવસાન થયેલ છે. સંસ્થા તેઓના અવસાનથી રંજની લાગણી અનુભવે છે. અવસાન પામેલ નીચેના તમામ સદ્ગત પ્રત્યે સંસ્થા હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

પરમકૃપાળુ પરમાત્મા તેઓના આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરવા સાથે તેઓના પરિવારજનો પ્રત્યે અંતરની સંવેદના વ્યક્ત કરીએ છીએ.

૧.	સ્વ. હિતેન્દ્રભાઈ પુરુષોત્તમદાસ શાહ	તા. ૧૭-૦૪-૨૩
૨.	સ્વ. પુષ્પાબેન જયંતિલાલ શાહ	તા. ૦૬-૦૫-૨૩
૩.	સ્વ. જાગૃતિબેન કિશોરભાઈ કલ્યાણી	તા. ૧૬-૦૫-૨૩
૪.	સ્વ. ઉષાબેન હિતેન્દ્રભાઈ શાહ	તા. ૦૪-૦૬-૨૩

ૐ શાંતિ: ૐ શાંતિ: ૐ શાંતિ:

- પ્રમુખશ્રી, ટ્રસ્ટીઓ અને યુથવીંગ-મહિલાવીંગના સભ્યો

"આપણે પણ આપણા થોડાંક દુર્ગુણોનું દહન કરીએ"

- **શ્રીમતી સુષ્માબેન અનીલભાઈ રાઠોડ (વડોદરા)**

વાતો કરવાની કળા તો આપણી દરેક બહેનોમાં જન્મજાત હોય છે. એમ કહેવામાં સહેજેય અતિશોયક્તિ નથી. દીકરીઓ નાની હોય ત્યારથી જ બોલકી, વાતોડી હોય, પણ આ નાની ભોળી-ભાલી દીકરીઓની વાતો પણ ભોળી-ભાળી હોય છે. નિખાલસ હોય છે....

પણ જ્યારે આ નાનકડી દીકરીઓ મોટી થાય છે ત્યારે વાતો કરવાની આ ટેવ, કળામાં તેમની નિપુણતા સાથે થોડી આંટી-ઘુંટી આવે છે.

"તું આમ ગોળ-ગોળ વાતો ના કર."..... તારા મનમાં જે હોય તે સીધે સીધું અને સમજાય એવું કહી દે".... આ વાક્ય કદાચ દરેક સ્ત્રીએ સાંભળ્યું જ હશે. સ્ત્રીની આ ખાસીયત કહો કે માઈનસ પોઈન્ટ કહો, વાત કવરાની અને પેશીદી વાતો કરવાની આદત સર્વસામાન્ય છે. પોતાની વાત અને તેનો પોઈન્ટ કદાચ સામેની વ્યક્તિ નહિં માને, કન્સીડર નહીં કરે તે અંદરખાનેથી સ્ત્રી પોતે જ્યારે જાણતી હોય તેવા સમયે તો તે ચોક્કસ સીધી વાતને આડી-અવળી કરીને તેને અત્યંત મઠારીને રજુ કરે છે. તેની આ ગોળ-ગોળ વાતથી સામાન્ય વ્યક્તિ અને ખાસ કરીને સ્ત્રીનો પાર્ટનર તો અકળાઈ જ ઉઠે છે અને પાર્ટનર કે વાત સાંભળનાર વ્યક્તિ જ્યારે પોતાની અકળામણ રજુ કરે છે ત્યારે ગોળ-ગોળ વાત કરતી સ્ત્રીને માઠું લાગી જાય છે અને ક્યારેક તો પછી એ વાતની પણ એક નવી બબાલ ઉભી થાય છે અને મૂળ વાત એકબાજુ રહી જાય છે.

ખેર, આવી વાત અહીં કરવાનો મતલબ એટલો જ છે કે આપણે કોઈ અન્ય વ્યક્તિ ઉપર દોષારોપણ બહુ જ આસાનીથી કરી શકીએ છીએ, પણ જ્યારે પોતાની અંદરના અમુક દુર્ગોણોની વાત હોય ત્યારે આંખ આડા કાન ધરી દઈએ છીએ.

સ્ત્રીઓનો સૌથી સામાન્ય દુર્ગુણ હોય તો તે શંકા, જેલસી છે. તેના મનમાં બહુ જલદી શંકા ઉદ્ભવતી હોય છે. માન્યું કે શંકા કરવી, મનમાં શંકા ઉદ્ભવવી અમુક સમયે સારી છે, પણ દરેક સમયે, દરેક વાતોમાં કે પછી નાની-નાની વાતોમાં શંકા કરવાનો સ્વભાવ બની જાય તે ખોટું છે. ખાસ કરીને પાર્ટનર ઉપર વારંવાર શંકા જણાવવાથી ક્યારેક સંબંધમાં એક પ્રકારની ખટાશ આવી જાય છે. આમ પાર્ટનરનો મતલબ ફક્ત જીવનસાથી પતિ-પત્ની જ નહીં પણ પોતાના કુટુંબમાં સાથે રહેતા દરેક આત્મીય સ્નેહીજનોને પણ ક્યારેક ગણાવી શકાય. પાર્ટનર પર પરસ્પર વિશ્વાસ રાખવો જેટલો વધારે વિશ્વાસ રાખો તેટલો વિશ્વાસઘાત કરતા તેને ડર લાગશે. અહીં કોઈ પણ પ્રકારે આંધળી વિશ્વાસ રાખવાની વાત નથી. લગ્ન પહેલા જે સ્ત્રી પોતાના પાર્ટનર ઉપર અંધવિશ્વાસ કરતી હોય છે તે જ સ્ત્રી લગ્ન બાદ શંકા કરવા લાગે છે. વાત બેલેન્સ જાળવવાની છે. અતિ અંધવિશ્વાસ પણ ના મુકવો કે પછી અતિ શંકાના વમળમાં પણ ના ફસાવું જોઈએ.

સામાન્ય રીતે સાસુ-વહુના સંબંધમાં, દેરાણી-જેઠાણીના સંબંધમાં કે પછી નણંદ-ભાભીના સંબંધમાં વાદ-વિવાદ વધારે થાય છે. જોવા મળે છે. વહુ સાથે કામ બાબતે કે તેની રહેણી-કરણી બાબતે સાસુઓને હંમેશા એક ફરિયાદ રહેતી હોય છે. એજ સાસુ જ્યારે પોતાની દીકરી બાબતે વિચારે ત્યારે તે તદન અલગ પ્રકારની વિચારસરણી હોય છે. સામે પક્ષેવહુનું પણ એવું જ હોય છે. એ પણ ક્યારેય મનથી સાસુને માંનું સ્થાન નથી આપી શકતી.... જો કે આ બધી વાત થઈ બે દસકા પહેલાની. અત્યારે તો એવું જોવા મળે છે કે મોટાભાગની દીકરીઓ પોતાની સાસુ સાથે મા થી પણ અદકેરો પ્રેમ કરીને રહે છે અને હા આજની સાસુના વિચારો પણ જુઓ કેવા ઉમદા છે....' મેં જે વેઠ્યું એ મારી વહુને નહીં વેઠવા દવ..." "મારી દીકરીને તેની ભૂલોને માફ કરું છું સમજાવું છું તેમ મારી વહુ સાથેનું વર્તન કરીશ. વહુની થતી નાની-મોટી ભૂલોને પણ ભુલીશ..." જો પોતાનામાં આ ગુણ ના હોય તો દરેક નાની-મોટી સ્ત્રીઓએ આ ગુણ કેળવવો જ રહ્યો. દરેક સાસુ-વહુ કે પછી દેરાણી-જેઠાણી એ પરસ્પરની ગેરસમજો કે તર્ક વિતર્કને ભુલીને આગળ પ્રેમાળ સંબંધ વધારવા પ્રયત્ન કરવો જોઈએ. માણસ છે, ક્યારેક કોઈથી કાંઈક ભુલ થાય પણ તેને આજીવન યાદનએ રાખવાની... દરેકમાં આ દુર્ગુણ ઓછાવત્તા અંશે રહેવાનો પણ આપણે તેનું દહન કરવાનું છે.

એક મોટો દુર્ગુણ સ્ત્રીઓમાં દેખાદેખીનો રહેલો છે. બીજા કરતાં હોય એ જોઈને પોતાને પણ એ કરવું જ હોય. પછી પોતાની શારીરિક, આર્થિક, માનસિક કે સામાજિક સ્થિતી હોય કે ના હોય, પણ મારી બહેનપણી કે નજીકના સગાઓએ કર્યું છે તો મારે પણ કરવું છે. સ્ત્રીનો આ સ્વભાવ તેના માટે ક્યારેક બહુ મોટી સમસ્યા ઉભી કરી દે છે. સ્ત્રીના જીવનના મોટાભાગના દુ:ખોનું કારણ તેનો દેખાદેખીનો સ્વભાવ જ હોય છે. મારા આ અમુક સગાઓએ કે પછી આ મિત્રોએ કે આડોશી-પાડોશીઓ આવું કર્યું તો આપણે પણ કરવું જ પડે. આપણે કેમ ના કરી શકીએ ?????.... પોતાની પ્રગતી માટે ક્યારેક આવા વિચારની કમ્પીટેશન જરૂરી છે... કદાચ આવી ભાવનાને લીધે આપણને જીવનમાં વધારે મહેનત કરવાની ધગશ જાગે... ત્યાં સુધી બરાબર છે...

ફલાણા એ પાંચ–સાત વર્ષે ઘરનું બધું ફર્નિચર બદલ્યું કે પછી ઢાકલાભાઈ તો આઉટ ઓફ ઈન્ડિયા ફરવા જાય છે અને આખું ઈન્ડિયા ફરી વળ્યા છે એ તો બોનસમા, તો આપણે પણ જવું જ જોઈએ... બાકી પછી લોકો આપણા માટે શું વિચારે ! બસ આ ખોટો દેખાદેખીનો વિચાર જ આપણો પોતાનો મોટો દુશ્મન છે. આવી દેખાદેખીમાં પોતાને અને પુરા પરિવારને ક્યારેક અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ વાત સમજીને દેખાદેખી, ચડસા–ચડસીના મહાદુર્ગણથી દૂર રહેવું જ યોગ્ય છે. મનમાં ઉદ્‌ભવેલા દેખાદેખીના દુર્ગુણને બાળવો જ રહ્યો. હંમેશા આ ચડસા–ચડસી કે દેખાદેખીનો સ્વભાવ માત્ર દુઃખ ને દુઃખ જ આપે છે.

હા. ઘણાં ને એવી ટેવ હોય છે કે કોઈના મોઢે નાની અમથી વાત સાંભળી નથી ને બીજા દશ જણને કહેવા લાગી જાય, જેની વાત હોય તેના સુધી પહોંચતા પહેલા કે વાતનું રીઝલ્ટ મળ્યા પહેલા તો અર્ધા ગામને ખબર પડી જાય... કોઈ વ્યક્તિ સામે મળી નથી ને ટાઈમપાસ કુથલીઓની વાતો ચાલુ.... જેવી કે.... "યાર પેલા મીનાબેન તો તારા વિશે કેવું–કેવું બોલતાં હતાં, મારાથી તો સંભળાયું જ નહીં."...."ઠીક છે, હવે એને ક્યાં કાંઈ આવે છે.. એ તો મોટી–મોટી ઓળખાણથી જ આગળ આવી ગઈ છે.".... જો ને કેવી ફુલ–ફટાક થઈને ફરે છે, ક્યારેય ઘરે તો પુરી રસોઈ પણ નથી બનાવતી..." "મારી જેમ કાંઈ બનાવતા જ ના આવડે અને વળી બનાવવાની મોટી આળસ અને પાછી વટ મારે કે અમે તો જોમેટો–સ્વીગી જ મંગાવી લઈએ... ના આવડે અને બહાર ફરવું જ હોય તો જોમેટો–સ્વીગી ના આંટાફેરા હોય જ ને.... શું નવાઈ કરી ?"....

આવી વિવિધ પ્રકારની અવનવી કુથલીઓ-પંચાત કરવાની આદતથી લગભગ દરેક સ્ત્રીઓ પીડાતી જ હોય છે, અને આ કુથલીઓનું બેસ્ટ વર્ઝન તો અત્યારે મોબાઈલ છે, બસ હાથમાં પાવરબેન્ક અને કાનમાં ઈયરફોન ભરાવીને સળંગ આટા–ફેરા કરતાં–કરતાં વાતો ચાલુ. પોતાને હાઈ–ફાઈ કે સોફેસ્ટીકેટેડ ગણાવતી સ્ત્રીઓ પણ બીજાની સફળતાને તો સહન નથી જ કરી શક્તી. આવી સ્ત્રીની અંદર પણ કુથલી અને બીજાની સફળતા માટે અંદરથી બળવાનો. ઈર્ષ્યા કરવાનો, જેલસી કરવાનો સ્વભાવ હોય જ છે.... અરે વાંચક મિત્રો તમે પણ અનુભવ્યું હશે. એક સુંદર મજાની વાત કરું.... કોઈ ફંક્શનમાં ઘરની સ્ત્રી સુંદર મજાનો મેઈકઅપ કરાવીને બ્યુટીશીયન પાસેથી આવી હોય તો તાત્કાલીક તેના મોંઢે થોડાં વખાણ કરીને પછી ધીમેથી તેના મોઢે જ કહેજો કે જુઓને આ ગળા ઉપર તો બરાબર મેઈકઅપ કર્યો જ નથી એટલે બહુ સારૂં નથી લાગતું... વગેરે વગેરે નુસખા કાઢશે... ટુંકમાં નાની અમથી વાતને ચગાવીને મસમોટી કરી દેશે.. અને ગ્રુપમાં એ બહેનના મેકપઅપને લઈને અડધો કલાક ચર્ચા થશે જેથી જેની ખબર નથી તેને પણ ખબર પડશે.... જો આવો દુર્ગુણ આપણામાં રહેલો હોય તો તે શોધીને આપણે તેનું પણ દહન કરવું જ જોઈએ.

બીજાની સફળતામાં દોષ જોવાને બદલે, પોતે શેમાં સફળતા મેળવી શકે છે એ બાબતે વિચાર કરીને દોડવું જોઈએ. જો તમે સફળ વ્યક્તિની ઈર્ષા–અદેખાઈ કરવામાં જ પડ્યાં રહેશો, ડુબેલા રહેશો તો પછી તમારી સફળતાનો માર્ગ ક્યારેય ખુલ્લો નહીં થાય તમે શોધી નહીં શકો. માટે તમે તમારી અંદર રહેલા આ છુપા શત્રુ સમાન દુર્ગુણને જાણો અને તેને જડમુળથી બહાર કાઢીને બાળી નાંખો. પછી જુઓ સફળતાના શિખર ઉપર ચડશો અને મજા લેશો.

વાત માત્ર સમજણની જ છે. પુરૂષો કરતાં સ્ત્રીઓ લાગણી બાબતે વધારે સમજદાર હોય છે. માત્ર સમજદારીને જ મૂળ બનાવીને જો ચાલવામાં આવે તો સ્ત્રી પોતાની અંદર રહેલા દુર્ગુણોનું રાવણ દહન કરી શકેછે અને તેને કોઈ સમજાવટની કે સહારાની જરૂર નથી.

એક જમાનામાં ઘરમાંપુરાયેલી, પડદામાં રહેતી સ્ત્રી આજ ટોચ ઉપર પહોંચી છે. સમાજના દરેક ક્ષેત્રમાં સ્ત્રીઓએ પોતાનું ટોચનું સ્થાન હાંસીલ કર્યું છે. આવા સમયે સ્ત્રીઓએ પોતાની અંદર, સ્વભાવમાં રહેલ ઈર્ષા, કુથલી–ધોખા–વરતા, ચાડી–ચુગલી દેખાદેખી, લડાઈ, ચડસા–ચડસી પરપીડન વૃત્તિનો આનંદ કે પછી પોતે જ સર્વગુણ સંપન અને બીજા બધા ભાજી–મૂળા એ ખોટી સમજણ, અંદરનો ગુસ્સો, શંકા, અવિશ્વાસ જેવા અનેક દુર્ગુણોનું નાશ કરવો રહ્યો. મોટા પ્રમાણમાં રાવણ દહન કરવું જરૂરી છે.

હવે સ્ત્રીને ખોટી જગ્યાએ ખોટી વાતો સામે અવાજ ઉઠાવવાનું કહેવામાં આવે છે. ત્યારે આવો સાચો અવાજ ઉઠાવવા માટે પણ પોતાના આંતરિક દુર્ગુણોને બાળીને નાશ કરવો જ પડશે અને તે વાત એક સ્ત્રી જ કરી શકે છે.... તો ચાલો આપણે જાગ્યા ત્યારથી સવાર.... આપણા સ્વભાવમાં રહેલા નાના–નાના દુર્ગુણોનું હોમ–હવન કરીએ અને એમ કરતાં કરતાં આપણામાં રહેલા મોટા દુર્ગુણો પણ આ હવનમાં ક્યારે હોમાઈ જશે ખબર નહીં પડે અને એ સાથે જ માન–સન્માન–સફળતા તમારા ચરણોમાં ઝૂકશે.

ગણપતિ બાપ્પા મોર્યા

- જયશ્રીબેન ઠાર (પૂના)

વક્રતુણ્ડ મહાકાય સૂર્યકોટી સમપ્રભ ।
નિર્વિઘ્નં કરુ મેં દેવ સર્વ કાર્યેષુ સર્વદા...

સ્તુતિ એ ઘરમાં પગ મૂક્યો ને તેના કર્ણપટ ઉપર આ મધુર સ્વરમય શ્લોકની સૂરાવલી સાંભળવા મળી. શાળાએથી થાકેલી આવેલી સ્તુતિ આ સાંભળતા જ પ્રફુલ્લિત બની ગઈ. જાણે એના તન-મનમાં આનંદની લહેર દોડી ગઈ.

આ સ્વર સ્તુતિના દાદી – ગૌરીદાદીનો હતો.

જેમના મુખમાં શ્રી ગણેશનું સ્મરણ હતું ને કરથી શ્રી ગણેશના આગમનની તૈયારી કરી રહ્યા હતા. સ્તુતિ દોડતી આવીને દાદી પાસે બેસી ગઈ. તેનાં મગજમાં ઘણા બધા સવાલો ઉદ્‌ભવી રહ્યા હતા. તે દાદીને પૂછવા લાગી. દાદી શેની તૈયારી કરો છો? આ તો બહુ જ સુંદર છે. આનાથી શું કરશો? આ કોના માટે છે? તેની કુતૂહલતા વધતી જતી હતી.

દાદીએ સ્તુતિને કહ્યું: હા હા બેટા, જરા શાંતિ રાખ. તારા દરેક સવાલનો જવાબ આપુ છું. હા, તું પહેલા હાથ-મોં ધોઈ ફ્રેશ થઈ જા. સ્તુતિ ફ્રેશ થઈને આવી.

દર વર્ષે આપણે ગણપતીબાપાની સ્થાપના કરીએ છીએ. રોજ આપણે તેમની પૂજા અને આરતી કરીએ છીએ. ખરૂં ને? તે પર્વને ગણેશ ઉત્સવ તરીકે મનાવવામાં આવે છે. ગણેશ ઉત્સવ હિન્દુ ધર્મનો એક મહત્ત્વપૂર્ણ ઉત્સવ છે. આ ઉત્સવ આખા ભારતભરમાં ભક્તિભાવથી ઉજવવામાં આવે છે. ભાદરવા માસની શુક્લ ચતુર્થી એટલે ગણપતી બાપાનો જન્મદિવસ. ગણપતીબાપા એટલે શિવ-પાર્વતીના લાડલા પુત્ર અને રિદ્ધી-સિદ્ધજીના સ્વામી. ગણપતીબાપાને સુખકર્તા, દુઃખહર્તા, વિઘ્નહર્તા દેવ કહેવામાં આવે છે. શુભકાર્યની શરૂઆત ગણેશબાપાની પૂજાથી જ થાય. એ જીવનમાંથી દુઃખને દૂર કરી સુખ-શાંતિ આપે છે. તેમના અનેક નામ છે. સ્તુતિ બેટા આપણે આરતીમાં ગાઈએ છીએ ને.

સુખકર્તા દુઃખહર્તા વાર્તા વિઘ્નાચી
નુર્વી પૂર્વી પ્રેમ કૃપા દયાથી...

પહેલા આ ઉત્સવ ઘરે ઘરે જ ઉજવવામાં આવતો હતો. સાલ ૧૮૯૩ માં લોકમાન્ય ટીળકે (સામાજિક કાર્યકર્તા, ભારતીય સ્વતંત્ર સેનાની) લોકોમાં એકતા આવે ને બધા ભેગા મળીને આ ઉત્સવને ઉજવે એ સદ્‌ભાવનાથી સાર્વજનિક સ્વરૂપ આપ્યું. ત્યારથી ગણેશ ઉત્સવનું મહત્ત્વ વધતું જાય છે.

હિન્દુ તિથી પ્રમાણે ભાદરવા સુદ ૪ (ચોથ) થી આ ઉત્સવની શરૂઆત થાય છે. ભાદરવા સુદ ૧૪ (ચૌદશ) સુધી મનાવવામાં આવે છે. ભાદરવા સુદ ૧૪ (ચૌદશ)ને અનંત ચતુર્દશી પણ કહે છે. તે દિવસે ગણેશબાપાની મૂર્તિનું વિસર્જન કરવામાં આવે છે. વિસર્જન ઘર પાસેનાં નદી, તળાવ કે દરિયામાં કરવામાં આવે છે.

જ્યારથી આ ઉત્સવ સાર્વજનિક ઉત્સવરૂપે મનાવવામાં આવવા લાગ્યો, ત્યારથી ચોકે-ચોકે મંડળો ગણેશ બાપાની સ્થાપના કરવા લાગ્યા. તેમને ઢોલક-નગારાના તાલમાં નાચતાં-ગાતાં આનંદ કરતા પધરાવવા લાગ્યા. મોટા મોટા મંડળો તો ખૂબ જ મોટા પ્રમાણમાં શોભાયાત્રા કાઢે છે. એક વર્ષ બાદ બાપાની પધરામણી થાય છે. લાંબી પ્રતિક્ષા બાદ બાપા આવે છે. માટે ભક્ત હૃદયથી આનંદના-ઉત્સાહના ને ખુશીના હિલોળે ચઢે છે. આ ઉત્સવના ઉત્સાહમાં ગણેશભક્તો એટલા બધા મગ્ન બની જાય છે કે તેમને ચારે બાજુ દરેકનાં મુખમાંથી એક જ સૂર સંભળાય છે :

ગણપતિ બાપ્પા મોર્યા, મંગલમૂર્તિ મોર્યા,
બાપા રે બાપા મોર્યા, મંગલમૂર્તિ મોર્યા.

સ્તુતિ: દાદી, આપણા ચોકના મંડળમાં દર વર્ષે, કેવા સુંદર અને હાલતા-ચાલતા પૂતળાઓનાં દેખાવો ઉભા કરે છે. જોઈને બહુ જ મજા આવે છે.

દાદી: સ્તુતિ આપણા જ ચોકમાં નહી, નાના-મોટા દરેક ચોકમાં આવા વૈવિધ્યપૂર્ણ દ્રશ્યનું નિર્માણ કરે છે. તું દર વર્ષે જોવા જાય ને? તને કેવી મજા આવે છે?

સ્તુતિ તને ખબર છે. આ દ્રશ્યોને દેખાવોના સર્જનમાં પણ ઘણી ઘણી પ્રગતિ થઈ છે. પહેલા તો લાઈટીંગ અને ધાર્મિક દ્રશ્યો ઉભા કરતા. ધીમે ધીમે તેમાં પણ પરિવર્તન આવ્યું છે. હવે ઐતિહાસિક, સામાજીક, રાજકીય અને ધાર્મિક જેવી કલાકૃતિઓ અને પ્રસંગોનો સમાવેશ કરે છે. અતિ આધુનિક ઈલેક્ટ્રીકસીટી અને ટેકનોલોજીનો ઉપયોગ કરીને તે દ્રશ્યોને અતિ સુંદર રીતે પ્રસ્તુત કરે છે. આ

ડીજીટલ યુગમાં તો કોમ્પ્યુટરની સહાયથી એવા એવા દ્રશ્યો ને પ્રસંગો ઉપર દેખાવો ઉભા કરે છે કે બે ઘડી માટે તમને એવું પ્રતિત થાય કે ખરેખર બની રહ્યું છે. મુખમાંથી વાહ વાહના ઉદ્‌ગાર નીકળી જાય.

બેટા, હવે તો આ ઉત્સવને મહારાષ્ટ્ર રાજ્યના પ્રમુખ ઉત્સવ તરીકે નામ આપવામાં આવ્યું છે. આથી આ દિવસોમાં રાષ્ટ્રીય સ્તરના દિગ્ગજ કલાકારો પોતાની કલાને પ્રસ્તુત કરે છે. જેમને સાંભળવા–જોવા અલભ્ય હોય છે. આ જ રીતે દરેક સોસાયટીમાં પણ વિવિધ પ્રકારની હરીફાઈઓનું આયોજન કરવામાં આવે છે.

સ્તુતિ ગણપતિ બાપાને સૌથી વધારે શું પ્રિય છે?

મોદક! સ્તુતિ ઉત્સાહમાં આવીને તાળી પાડતી, નાચતી બોલવા લાગી. દાદી મને તો ચોકલેટ ને મેંગોના મોદક બહુ જ પસંદ છે.

હા, બેટા હવે તો મોદકમાં પણ વિવિધતા આવે છે. દરેક પ્રકારનાં સ્વાદના મોદક બનાવા લાગ્યા છે. પહેલા તો માત્ર એક જ પ્રકારનાં મોદક બનતાં. ઉકળીનાં મોદક એનું સ્પેશીયલ નામ છે. ગણપતિ બાપાને ધરવાના મોદક એટલે ઉકળીનાં મોદક. હવે તો જુદા જુદા પ્રકારના અને સ્વાદના મોદક બનાવે છે. તે પણ અતિ સુંદર – આકર્ષક બનાવે છે. તે બાળકોને અતિ પ્રિય હોય છે. નવું સર્જન અને પરિવર્તન એ સમયની માંગ હોય છે. તેનો આનંદ પણ એટલો જ હોય છે. તેથી ખુશી મળે છે.

ગૌરી દાદીની નજર ઘડિયાળ સામે જતાં, અરે, આ તો સાંજ પડી ગઈ. ચાલો બેટા સંધ્યા આરતીનો સમય થયો. ગણપતિ બાપાના ઉત્સવને યાદ કરતાં આપણે તો એમના ઉત્સવની ઉજવણીના સાગરમાં સહેલ કરવા લાગ્યા. દાદી–દીકરી

"ગણપતિ બાપાને વંદન કરતા"...

ગણનાયકાય, ગણદૈવતાય, ગણાધ્યક્ષાય ધીમહી, ગુણ શરિશય, ગુણવંદીતાય, ગુણેશાનાય ધીમહી,
ગુણધિતાય, ગુણાધીશાય, ગુણ પ્રવિષ્ઠાય ધીમહી. એકદંતાય, વક્રતુણ્ડાય, ગૌરી તનયાવ્ય ધીમહી,
ગજેશાનાય, ભાલચંદ્રાય, શ્રી ગણેશાય ધીમહી.

સારી વ્યક્તિ એ નથી કે જે સારૂં બોલે છે.
સારી વ્યક્તિ એ છે કે જે સત્યને સત્ય અને અસત્યને અસત્ય કહે છે...

તમે સુખી હો છતાં તમને તમારા સુખનું કારણ ખબર ન હોય,
તો માની લેજો કે તમે ખરેખર બહુ સુખી છો...

જે પોતાના માટે જ જીવે છે એ ક્યારેય જવાબદારી માથે નથી લેતા,
અને જે જવાબદારી માથે લે છે, એ કદી પોતાના માટે નથી જીવતા...

ઈશ્વર કેવી સુંદર રીતે તમારા જીવનમાં એક એક દિવસનો ઉમેરો કરે છે,
તમારે જરૂર છે એટલા માટે નહીં કે પરંતુ બીજાને તમારી જરૂર છે એટલે માટે!...

ધીરજ એટલે રાહ જોવાની ક્ષમતા નહિ, પણ
રાહ જોતી વખતે સ્વભાવને કાબુમાં રાખવાની ક્ષમતા...

આત્મસન્માન એવું હોવું જોઈએ કે,
કોઈની મદદ કરતી વખતે હંમેશાં આગળ રહેવું, અને મદદ માંગતી વખતે હંમેશાં પાછળ...

શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણિક મહાજન, અમદાવાદ

(ટ્રસ્ટ રજી.નં. ઈ-૮૯૬૫, અમદાવાદ)

કહાન ફ્લેટની બાજુમાં, દોલતખાના, સારંગપુર, અમદાવાદ.

સ્કોલરશીપ માટેની અરજી (ધોરણ ૮ થી ૧૨ માટે)

સંસ્થાનો સભ્યપદ નં. : .... તારીખ : ....

વિદ્યાર્થી/વિદ્યાર્થિનીનું પૂરૂં નામ ....

(અટક) (નામ) (પિતાશ્રીનું નામ) (દાદાનું નામ)

જન્મતારીખ : .... ઉંમર વર્ષ : ....

હાલનું પૂરૂં સરનામું : ....

.... મો.નં.: .... ઈ–મેઈલ: ....

છેલ્લે પાસ કરેલ પરીક્ષાઓ

૧. .... પરિણામ .... %

૨. .... પરિણામ .... %

૩. .... પરિણામ .... %

કયા સ્ટાન્ડર્ડ માટે સ્કોલરશીપ જોઈએ છીએ ? ....

સ્કૂલ / કોલેજનું નામ તથા સરનામું : ....

પરિવારની કુલ સભ્યસંખ્યા : .... પરિવારની કુલ વા.આવક રૂા. .... પરિવારમાં અભ્યાસ કરતા બાળકો: ....

અન્ય સંસ્થા પાસેથી સ્કોલરશીપ મેળવી હોય તો તેની વિગત: ....

(સંસ્થાનું નામ : .... મળેલ સ્કોલરશીપ રૂા. ....)

વાલીની સહી / તારીખ: .... વિદ્યાર્થી / વિદ્યાર્થિનીની સહી / તારીખ ....

ફોર્મ સાથે નીચે મુજબ ડોક્યુમેન્ટ આપવા

(૧) ઓરિજનલ ફીની પહોંચ અને તેની એક ઝેરોક્ષ કોપી (૨) ઓરીજનલ માર્કશીટ અને તેની એક ઝેરોક્ષ કોપી

(બંને ઓરીજનલ ઝેરોક્ષ કોપી સાથે મેળવી પરત આપી દેવામાં આવશે)

નોંધ : ચાલુ શૈક્ષણિક વર્ષ કે ચાલુ ટર્મ માટે જ સ્કોલરશીપ મળશે.

– નાપાસ થયેલ, ફરી વખત પરીક્ષા આપતા કે એટીકેટી આવેલ હોય તે વિદ્યાર્થી–વિદ્યાર્થિનીને સ્કોલરશીપ મળશે નહીં.

– સંસ્થાની કમીટીનો નિર્ણય દરેકને બાધ્ય રહેશે.

– અધુરી માહિતી વાળુ ફોર્મ સ્વીકારવામાં નહીં આવે.

સંસ્થાના સભ્યે ભરવું

હું સ્કોલરશીપની અરજી આપનાર આપણી સંસ્થાના વિદ્યાર્થી / વિદ્યાર્થિનીને તથા તેમના પરિવારને ઓળખું છું અને તેમને સ્કોલરશીપ આપવાની ભલામણ કરૂં છું.

સભ્યનું પૂરૂં નામ .... સભ્યનો સભ્યપદ નં.: ....

સભ્યનો મોબાઈલ નં.: .... સભ્યનું ઇ–મેઇલ આઇ.ડી.: ....

સભ્યની સહી / તારીખ

સંસ્થાના ઉપયોગ માટે

અરજદારનું નામ: ....

અરજી : મંજુર / નામંજુર મંજુર થયેલ સ્કોલરશીપ રૂા. .... મંજુર થયા તારીખ: ....

સંસ્થાની અધિકૃત વ્યક્તિની સહી

શ્રી સૌરાષ્ટ્ર દશા મોઢ માંડલિયા વણિક મહાજન, અમદાવાદ

(ટ્રસ્ટ રજી.નં. ઈ-૮૯૬૫, અમદાવાદ)

કહાન ફ્લેટની બાજુમાં, દોલતખાના, સારંગપુર, અમદાવાદ.

સંસ્થાના સભ્ય થવા માટેનું ફોર્મ

હું આપણી સંસ્થાનો સભ્ય થવા ઈચ્છું છું. સંસ્થાના ધારા-ધોરણ અને નિયમોને આધીન હું સભ્ય થવા અને સંસ્થાના નિયમો પાળવા હું અને મારા પરિવારના સભ્યો અમારી સંમતિ આપીએ છીએ. જરૂરી માહિતી નીચે મુજબ છે.

નામ: ....

(મુખ્ય વ્યક્તિનું નામ) (પિતા / પતિનું નામ) (દાદા / પતિના પિતાનું નામ) (અટક)

મુળ વતન: .... મો.નં.: .... ઈ-મેઈલ: ....

રહેણાંકનું પૂરૂં સરનામું: ....

....

વ્યવસાય / નોકરી: .... ટે.નં.: ....

વ્યવસાયનું સરનામું: ....

....

પરિવારની કુલ સભ્ય સંખ્યા: પુરૂષ .... મહિલા .... (૧૮ વર્ષથી નીચેના સંતાનો) ....

અમદાવાદમાં કેટલા સમયથી વસવાટ કરો છો? ....

કોઈ સંસ્થામાં કાર્યકર / હોદ્દેદાર તરીકેનો અનુભવ હોય તો તેની વિગત: ....

સંસ્થાના પરીચિત વર્તમાન સભાસદનું નામ: ....

સભાસદનો સભ્યપદ નં.: .... સભાસદનો મો.નં.: ....

સભાસદનું પૂરૂં સરનામું: ....

સંસ્થાની આજીવન સભ્યપદ ફીના રૂા. ૧૫૦૦/- આ સાથે મોકલેલ છે.

(રોકડા / ચેક / ટ્રાન્સફરની વિગત: ....)

નોંધઃ (૧) ફોર્મ સાથે રહેણાંકનું છેલ્લું ઈલેક્ટ્રીક બીલ સામેલ કરવું. (૨) અધૂરી માહિતીવાળું ફોર્મ રદ થશે. (૩) સભ્યપદની અરજી કારોબારીમાં મંજૂર થશે તો જ સભ્યપદ ચાલુ થશે.

તારીખ: .... અરજદારની સહી: ....

સભ્યપદ મંજૂર / નામંજૂર .... તારીખ: ....

સંસ્થાના પદાધિકારીની સહી

CELEBRATING 50th GOLDEN JUBILEE YEAR

Since 1969

SHREE GANESH ™

૫૦ વર્ષનો
અતુટ વિશ્વાસ

આજ કા સ્વાદ કલ કી સુરક્ષા

હિંગ કાશ્મીરી મરચું મરચું હળદર ધાણાજીરૂ

HARIHAR FOODS PVT. LTD.

(An ISO 22000:2005 Certified Company)

519/1, Phase IV, Ramol Chokdi, G.I.D.C. Vatva, Ahmedabad

www.shreeganeshmasala.com • Like us on

Dentall Icon
SINCE 1986

સૌજન્ય જીવાણી પરિવાર

ડૉ. શુચિ શાહ (જીવાણી) (BDS, MDS)
ડૉ. હિતેન્દ્ર શાહ (BDS, MDS)
35 વર્ષથી અવિરત પ્રેક્ટિસ સાથે
"Cosmocare Dental Clinic"
શિવરંજનીનું નવું નામ અને નવું **સ્થળ**

"The Dentall Icon"
સેટેલાઈટ, અમદાવાદ

સરનામું :
3, પાયલ પાર્ક સોસાયટી, સ્ટાર બજારની નજીક,
સેટેલાઇટ, અમદાવાદ -15
Contact : +91 95123 40303 | +91 95123 40305
+91 91734 76547

પેહલો માળ, ઝલક કોમ્પ્લેક્ષ, ભટ્ટા,
પાલડી, અમદાવાદ - 7
Contact : +91 63523 15478

દાંતની દરેક સારવાર ઉપર આભાર વ્યક્ત કન્સેશન

ઉપલબ્ધ વિશિષ્ટ સારવારો

- Smile Design
- Veneers
- Implant & Full Mouth Rehabilitation
- Sleep Apnea
- Aligners & Orthodontic Treatment
- Flap Surgery
- Paediatric Dentistry

અન્ય સારવારો

- Root Canal Treatment
- Crown & Bridges
- Oral Prophylaxis, Dental SPA
- Extraction
- Maxillo-Facial Surgery

All treatment is under one roof by a team of specialists under strict sterilization & digital technology.

www.thedentalicon.com | Follow Us: